Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

४४ग
४

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા

[જુલે વર્ન

મૂળ લેખક]

डाक प्रमाणीकरण

• સંક્ષેપકાર •

મૂળશંકર મો. ભટ્ટ

▽

કિંમત —————— આઠ આના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

❀ ओ३म् ❀

पुस्तक-संख्या 44 ग/4

पंजिका संख्या 2964 29/26.3.2002

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अस्सी दिवस मां पृथ्वी प्रदक्षिणा

ऋते ज्ञानान्न मुक्तिः
पुस्तक सं० ५४ गा/ ४
आगत सं० २८८४५१
तिथि० २६ - १ - १९७२
गुरुकुल ग्रन्थालय काँगड़ी.

CHECKED 1973
Initial...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૦ દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૦ દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા

[મૂળ લેખક : જુલે વર્ન]

• સંક્ષેપકાર •

મૂળશંકર મો. ભટ

ઘરશાળા પ્રકાશનમંદિર

હિલડ્રાઈવ • ભાવનગર

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल का

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

• પ્રકાશક •
હરભાઇ ત્રિવેદી
: ઘર-શાળા :
હિલડ્રાઇવ • ભાવનગર

આવૃત્તિ પહેલી
૧૫૦૦ નકલ

• મુદ્રક •
પારેખ શાંતિલાલ છોટાલાલ
શ્રી સરસ્વતી છાપખાનું
સ્ટેશન રોડ : ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે બોલ

ઘર-શાળાએ પોતાની શિક્ષણ-વિષયક પ્રવૃત્તિઓ આજથી લગભગ એક વર્ષ પહેલાં શરૂ કરી, ત્યારથી જ તેની મુરાદ હતી કે ગુજરાતના કિશોરવર્ગને શિક્ષકવર્ગને, માબાપોને ઉપયોગી થાય તેવું સાહિત્ય અવારનવાર પ્રગટ કરતા રહેવું.

આજે આ '૮૦ દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા' નામનું એક નાનકડું પુસ્તક ઘર-શાળાના પહેલા પ્રકાશન તરીકે અમે બહાર પાડીએ છીએ. આશા છે કે અમારા આ પ્રયાસને ગુજરાત તરફથી યોગ્ય પ્રોત્સાહન મળશે.

ઘર-શાળા
હિલડ્રાઇવ
ભાવનગર

હરભાઇ ત્રિવેદી
નિયામક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

જુલે-વર્નના 'Round the world in Eighty days' નામના પ્રખ્યાત પુસ્તકનું આ સંક્ષેપ ગુજરાતી ભાષાન્તર છે.

આ સંક્ષેપમાં જે થોડી ઘણી છૂટ મેં લીધી છે, તે સંબંધે ખુલાસો કરવો મને યોગ્ય લાગે છે.

મૂળ પુસ્તકમાંથી મેં આખો એક પ્રસંગ, અને એક પાત્ર કાઢી નાખ્યાં છે. મૂળમાં આ વાતોનો નાયક હિન્દના પ્રવાસ દરમિયાન હાથી ઉપરની જંગલની મુસાફરીમાં એક પરાક્રમ કરે છે. એક રાજાની રાણીને રાજાના મૃત્યુની પાછળ સતી કરવા માટે એક મોટું ટોળું આ મુસાફરોની નજરે પડે છે. નાયક અને નોકર આ રાણીને ચિતામાંથી ચમત્કારિક રીતે ઉઠાવીને નાસી જાય છે. નવાઇની વાત એ છે કે આ રાણી એક પારસી કોમની સ્ત્રી છે. તે અંગ્રેજી જાણે છે. વાર્તાનો નાયક આખા પ્રવાસમાં તેને પોતાની સાથે જ રાખે છે. અને આપણે કલ્પી શકીએ કે આખરે એ બન્ને જણ લંડનમાં પરણે છે.

આ પ્રસંગ એક તો મને ઘણે અંશે હિન્દુસ્તાનની અજાણતાં પણ બદનામી બતાવતો લાગ્યો, અને તેવી રીતે પારસી સ્ત્રી કોઇ હિંદુરાજાની રાણી થાય, અને તેને પરાણે સતી થવું પડે, એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતમાં સતીના રિવાજનું, હિન્દની જ્ઞાતિસંસ્થાનું, અને ટૂંકામાં હિંદુસ્તાન વિષેનું જુલે-વર્નનું જ અજ્ઞાન જ દેખાય છે.

વળી આ પાત્ર વાર્તાના પ્રવાસમાં સીધી રીતે ઉપયોગી પણ નહોતું, એમ મને લાગ્યું.

એટલે આટલી છૂટ સંકોચપૂર્વક પણ મેં લીધી છે. વાર્તાનો પ્રવાસ તેનાથી ખંડિત થાય છે, એમ મને નથી લાગ્યું. વાચકોને લાગશે કે કેમ તે અત્યારે કેમ કહી શકું?

આ વાર્તા આ પહેલાં કટકે કટકે 'કિશોર' માસિકમાં છપાઇ ગઇ છે. તે માસિકમાંથી લઇને તેને પુસ્તક રૂપે પ્રગટ કરવાની રજા આપવા માટે અને તેનો બ્લોક વાપરવા આપવા માટે ભાઇશ્રી રણછોડજી મિસ્ત્રીનો હું આભારી છું.

મૂળશંકર મો. ભટ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૦ દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા

પ્રકરણ ૧ લું

શરત

"સુધારક સભા"ના મકાનમાં આજ સાંજે જરા વધારે ગડબડ કેમ લાગે છે ?

એક મોટા ટેબલની આસપાસ ખુરશીઓ પર પાંચ સભ્યો જોરશોરથી ટેબલ પર હાથ પછાડી વાતો કરતા હતા. વચ્ચે એક મોટું છાપું પડેલું હતું. છાપામાં મોટા અક્ષરે મથાળે લખેલું હતું :

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ઇંગ્લંડની બેંકમાંથી ૫૫,૦૦૦ પાઉંડની ચોરી'

આવડી મોટી ચોરી થઇ તેમાં નવાઇ નહોતી, પણ ઈંગ્લંડની બેંકમાંથી આવડી મોટી ચોરી થઈ એ વાત ખૂબ નવાઈની હતી. બેંકઓવ ઇંગ્લંડમાં લોકોના વિશ્વાસ ઉપર અજબ રીતે કામ ચાલે છે. બેંકના થડા ઉપર નોટોના થોકડાઓ મૂકીને કારકુન કામ કરતો હોય તોય તેના મનમાં જરા પણ બીક જેવું નથી હોતું. એક તો એવો બનાવ પણ નોંધાયો છે કે એકવાર એક સોનાની લગડી એક માણસે થડા ઉપરથી જોવા લીધી, અને એક પછી એક માણસના હાથમાં તે જોવા માટે ફરવા લાગી. લોકોની મોટી ભીડમાં તે લગડી ક્યાંની ક્યાં ચાલી ગઇ. અરધા કલાકે તે પાછી આવી. ત્યાં સુધી પેલો કારકુન તો પોતાનું કામ જ કર્યા કરતો હતો.

ફક્ત આ વખતે એમ ન બન્યું. પંચાવન હજારની નોટનો થોકડો ફરવા ગયો તે ગયો જ.

" કેમ તમને કેમ લાગે છે ? " એક સભ્ય બોલ્યો.

" મને લાગે છે કે તે પૈસા માટે બેંક હવે નાહી નાખે"

" અરે એમ હોય ? ઇંગ્લંડની પોલીસ એમ જવા દે ? દુનિયા આખી પર અત્યારે તાર ઉપર તાર છૂટી ગયા હશે. આપણા ડિટેકટિવો દુનિયા આખીના દેશોમાં ફેલાયા છે. એ સાહેબ આ દુનિયાની બહાર ક્યાંક ભાગી જાય, એ સિવાય તેની પાસે ન પકડાવાનો બીજો કોઇ માર્ગ નથી. "

" પણ મને તો લાગે છે કે એ ચોર જ નથી. " બીજો જણ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વાહ ! આવા ઉઠાવગીરને જો શાહુકાર ગણશું તો પછી ચોર કોને કહેવા ?"

"એમ નહિ. આ ચોરી કરનારનો ધંધો ચોરીનો નથી. તે કોઇક વેપારી કે એવો હશે."

"આ છાપા ઉપરથી કહું છું કે તે કોઈ સદ્‌ગૃહસ્થ હોવો જોઇએ." છાપાના ઢગલામાંથી એક સભ્યે પોતાનું માથું ઊંચું કર્યું. આ માણસ ધ્યાન ખેંચે તેવો હતો. અત્યાર સુધીની ચર્ચામાં પહેલી જ વાર તે બોલ્યો હતો. તે માણસનું નામ ફિલિયસ ફોગ હતું.

"ભલે તે સદ્‌ગૃહસ્થ ગમે તેવો ચાલાક હોય, પણ ઈંગ્લંડની પોલીસ તેને ઈંગ્લંડની બહાર જવાની તસ્દી નહિ લેવા દે."

"અરે શું વાત કરો છો ? જે માણસમાં આવડી ચોરી કરવાની હિંમત હશે, તેણે તે ચોરી કેમ ન પકડવા દેવી તેના ઉપાયોનો વિચાર નહિ કર્યો હોય ? અને દુનિયા ક્યાં નાની છે ?"

"નાની જ છે. પહેલાં મોટી હતી." ફોગે કહ્યું; ને તેણે પાછું છાપું વાંચવા માંડયું.

"એટલે ?"

"એટલે કે અત્યારે તો એવી અનુકૂળતા છે કે ત્રણ મહિનામાં આખી દુનિયાને ચક્કર લગાવીને પાછા આવી શકાય." ફોગનો એક જણે પક્ષ કર્યો.

"ત્રણ મહિના નહિ ૮૦ દિવસ." ફોગે સુધાર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"૮૦ દિવસ કઈ રીતે? જરા ગણાવશો?"

"સાવ સહેલું છે. જુઓ લંડનથી મુંબઇ જતાં સ્ટીમર તથા રેલ્વે બન્નેને હિસાબે ૨૦ દિવસ, મુંબઇથી કલકત્તા ત્રણ દિવસ, કલકત્તાથી હૉંગકૉંગ સ્ટીમરમાં ૧૩ દિવસ, હૉંગકૉંગથી યોકોહામા સ્ટીમરમાં ૬ દિવસ, યોકોહામાથી સાનફ્રાન્સીસ્કો સ્ટીમરમાં ૨૨ દિવસ, સાનફ્રાન્સીસ્કોથી ન્યુયોર્ક ટ્રેનમાં ૭ દિવસ, ન્યુયોર્કથી લંડન સ્ટીમર તથા ટ્રેનમાં ૯ દિવસ: આ હિસાબે ૮૦ દિવસ થાય."

"હા, પણ આ તો જાણે આપણે માટે ખાસ સગવડ રાખી હોય અને સ્ટીમરમાંથી ટ્રેનમાં અને ટ્રેનમાંથી તરત જ સ્ટીમરમાં બધું તૈયાર હોય, એવી ગણતરી તમે કરો છો. આવડી મોટી મુસાફરીમાં તો કેટલાય અકસ્માતો નડે એનું શું?" એકે પૂછ્યું.

"એ અકસ્માતોના દિવસો પણ ગણતરીમાં લઇ લીધા છે." ફોગે શાન્તિથી જવાબ આપ્યો.

"ગણિતશાસ્ત્રની દૃષ્ટિએ મિ. ફોગ સાચા છે, પણ—"

"ના શાસ્ત્રની વાત નથી. આનો તો અમલ થઇ શકે." ફોગે કહ્યું.

"એ ૮૦ દિવસની મુસાફરી જોવા જેવી તો થાય."

"તો ચાલો આપણે બંને." ફોગે કહ્યું.

"માફ કરો, ભાઇસાહેબ! હું તો એનો વિચાર પણ નથી કરી શકતો, તો આચાર તો ક્યાંથી જ થાય? પણ કોઈ તૈયાર હોય તો હું ૪ હજાર પાઉંડની શરત મારવા તૈયાર છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ખુશીથી. હું એ મુસાફરી કરવા તૈયાર છું." ફોગે છાપું એક બાજુ મૂક્યું.

" ક્યારે ?"

" આજ સાંજે જ," ફોગે કહ્યું.

" આજ સાંજે ?" બધા સભ્યોની આંખો પહોળી થઇ ગઇ.

" હા, એમાં વાર શું ? ફક્ત એક શરત કે એ મુસાફરી તમારે ખર્ચે કરું."

" કાંઇ નહિ. વાત મૂકો. આપણે ગંજીપો કાઢો." શરત કરનાર ગૃહસ્થે વાત ફેરવી.

" તો પછી એમ કરો. મારા નામ ઉપર બેંકમાં ૨૦ હજાર પાઉંડ છે. જો હું કહેલી મુદતમાં પાછો મુસાફરી કરીને આવી ન પહોંચું તો તે ૨૦ હજાર પાઉંડ મારે આપવાના." ફોગે રસ્તો કાઢ્યો.

" કબૂલ." શરત કરનાર પાછો તોરમાં ચડ્યો.

" ભાઇઓ, તમે બન્ને ટાઢા પડો. આમ ૨૦ હજાર પાઉંડની ખુવારી કરવાનું કંઇ કારણ નથી. આવી શરત ન હોય. આ તો ઘડીક મશ્કરી થઇ."

" ના, મશ્કરી નથી. જો મિ. ફોગ ૮૦ દિવસમાં દુનિયાની મુસાફરી કરીને પાછા આવે તો હું ૪ હજાર પાઉંડ હારું."

" કબૂલ " ફોગ બોલ્યો. ત્યારે આજ સાંજે જ હું મારી મુસાફરી શરૂ કરું છું. ૯–૨૦ વાગે ડોવરથી ટ્રેન ઉપડે છે. આજે ઓક્ટોબરની બીજી તારીખ છે. ડિસેમ્બરની ૨૧ તારીખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંજે ૯—૨૦ વાગે આ જ મકાનમાં મારી રાહ જોવી. જો એ વખતે આ ઓરડામાં હું ન હોઉં તો એ ૨૦ હજાર પાઉંડ તમારા. આ ચેક તમને આપી રાખું છું તે વટાવી લેજો." ફોગે કહ્યું. બધા આશ્ચર્ય પામ્યા. પણ ફોગના મુખ ઉપર આશ્ચર્યનાં જરાય ચિહ્નો નહોતાં.

"કેમ તમને મશ્કરી લાગે છે? અંગ્રેજ બચ્ચો આવી મશ્કરી ન કરે. આ તો એક શરતની વાત છે. જો હું મારી શરતમાં હારીશ તો ૨૦ હજાર પાઉંડ હારીશ. જો તમે હારશો તો ૪ હજાર પાઉંડ તમારે હારવાના છે."

"ઠીક, ચાલો કબૂલ." બધાએ કહ્યું.

શરતના કાગળ ઉપર બધાની સહી થઇ ગઇ. સાત ઉપર પચીશ મિનિટે ફોગ સભામાંથી બહાર આવ્યો. ૮—૪૫ ની ગાડી તેને પકડવાની હતી. ૮—૧૦ વાગે તે ઘેર પહોંચ્યો.

ફોગ સીધો પોતાના ઓરડામાં ગયો, ને નોકરને બૂમ મારી: "પાસ પારટૂટ."

પાસ પારટૂટ એક ફ્રેંચ હતો. હજુ ગઇ કાલે જ તે નોકરીમાં રહ્યો હતો. તે તેના શેઠને બરાબર લાયક નોકર હતો.

બૂમ સાંભળ્યાં છતાં તેણે જવાબ ન આપ્યો. બીજી બૂમ આવી. "પાસપારટૂટ આ હું બીજીવાર તને બોલાવું છું." પાસ પારટૂટ ઓરડામાં ગયો. "પણ સાહેબ હજુ મધરાત ક્યાં થઈ છે? જુઓ આ ઘડિયાળમાં. આપનો આવવાનો સમય આપે મધરાતનો કહ્યો છે"

"મને ખબર છે. તારો વાંક નથી. આપણે દસ મિનિટમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળવા માટે તૈયાર થઈ જવાનું છે." ફોગે કહ્યું.

તે સમજ્યો નહિ.

"શું આપને બહાર જવાનું છે?"

"હા; આપણે દુનિયાની પ્રદક્ષિણાએ નીકળીએ છીએ."

"દુનિયા આખીની પ્રદક્ષિણા!" તેના ડોળા ફાટી ગયા.

"હા, અને તે ૮૦ દિવસની અંદર કરવાની છે. માટે જલદી તૈયારી કર."

"પણ સામાન?"

"સામાન કંઈ લેવાનો નથી. એક ગરમ કપડાની જોડ, બે જોડ બૂટ, બ્રૅડશોની રેલ્વે-સ્ટીમરની ગાઇડ, બસ."

સામાન તૈયાર થઈ ગયો ફોગે પોતાની નાની તિજોરી-માંથી ૨૦ હજાર પાઉંડનું એક મોટું બંડલ કાઢીને બેગમાં મૂક્યું. ઘરને તાળું મારીને તેઓ નીકળ્યા અને એક ગાડી કરીને સ્ટેશન તરફ ઊપડ્યા. સ્ટેશનમાં સામે જ એક ગરીબ ડોશી વાંકી વળીને સલામ કરતી તેમની સામે આવીને ઊભી. ફોગે ખીસામાંથી એક ગીની કાઢીને તેના હાથમાં મૂકી અને ડોશી હજુ તેના તરફ આશ્ચર્યથી જુએ ન જુએ ત્યાં તો ફોગ સ્ટેશનની અંદર પહોંચી ગયો. પહેલા વર્ગની બે ટિકિટો લઇને તેઓ ટ્રેનમાં બેઠા. તેના મિત્રો સ્ટેશને આવ્યા હતા. તેઓએ જોયું કે ફોગ સાચેસાચ ઊપડે છે.

"આપ જુઓ છો કે હું જાઉં છું અને પાછો આવીશ ત્યારે મારી પાસેના પાસપોર્ટથી આપને ખાતરી કરાવીશ કે હું સાચેસાચ દુનિયા ફરીને આવ્યો છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમારે પાછા આવવાની તારીખ યાદ છે ને?" એક જણે કટાક્ષમાં પૂછ્યું.

"હા, મને યાદ છે. પણ તમારે ય યાદ રાખવાની છે." સિસોટી વાગી ને ટ્રેન ઊપડી. ઘડિયાળમાં ૯–૨૫ થઇ હતી.

ટ્રેન ઊપડ્યાને થોડી વાર થઇ ત્યાં તો પાસપારટુટ બોલી ઊઠ્યો. "અરરર!"

"કેમ શું થયું?"

"ઉતાવળમાં હું મારા ઓરડાસાં ગૅસની ચાવી બંધ કરવી ભૂલી ગયો.

"કંઇ વાંધો નહિ. આપણે આવશું ત્યાં સુધીમાં એ ઓરડો બળી જશે. એ બધો ખર્ચ તારા પગારમાંથી વાળી દેશું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ બીજું

'શિકાર'ની પાછળ

કદાચ ફોગને પોતાને ખ્યાલ પણ નહિ હોય કે લંડન છોડ્યા પછી તેની મુસાફરીના સંબંધમાં આખા શહેરમાં આટલી ધમાલ થશે. ધમાલ કરવાનું કામ કોઇ પણ બનાવનાં કરતાં પણ છાપાંવાળા ઉપર વધારે આધાર રાખે છે. સામાન્ય બનાવને પણ છાપાંવાળાઓ મહાન બનાવ કરી મૂકે છે: ૮૦ દિવસમાં દુનિયાની મુસાફરી કરવા નીકળનાર માણસનો ફોટો દરેક છાપામાં છપાઇ ગયો. ફોગ આમ તો કોઇ દિવસ ફોટો પડાવતો જ નહિ, પણ આ તો સુધારક સભાના સભ્યો સાથે તેનો એક ફોટો હતો, તેને તેના મિત્રોએ જુદો કઢાવીને છાપાંઓને મોકલી આપ્યો.

૮૦ દિવસમાં મુસાફરી થઇ શકે નહિ એ સંબંધે મોટા વિદ્વાન માણસોએ ગંભીરતાપૂર્વક છાપાઓમાં ચર્ચા શરૂ કરી. છાપાંઓનો મોટો ભાગ એવી મુસાફરી ન જ થઈ શકે એમ માનનારો હતો. પણ એ મુસાફરીની શક્યતાના પક્ષવાળું છાપું પણ ઓછું ખપતું હતું, એમ નહોતું. જ્યારે રોયલ જ્યોગ્રાફિકલ સોસાયટીએ પણ આ સંબંધેના ચર્ચામાં ભાગ લીધો ત્યારે બીજું તો કંઈ નહિ પણ ફોગ ઘેરઘેર જાણીતો માણસ થઇ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એક દિવસ બહુ જ વિચિત્ર રીતે આ ચર્ચાનો અંત આવ્યો. છાપામાં એક તાર છપાયો. તાર સૂએઝથી હતો: "પ્રીશિયસ ફોગ નામના બેંકમાંથી ચોરી કરનાર સખ્સ પાછળ હું પડ્યો છું. તેને પકડવાનું વોરંટ મુંબઇ મોકલો.— ફિક્સ ડિટેક્ટિવ."

આ તાર ઇંગ્લંડના ડિટેક્ટિવ ખાતાના વડા ઉપર ફિક્સ નામના ડિટેક્ટિવે સૂએઝથી કર્યો હતો.

ચર્ચા છાપાઓમાં બંધ પડી.

× × ×

સૂએઝ નહેરના બીજા નાકા ઉપરના બંદરે સ્ટીમર આવવાની વાટ જોતાં કેટલાંએક માણસો ઊભાં હતાં. 'મોંગોલિયા' સ્ટીમરના ધુમાડા દૂરથી દેખાતા હતા. ફિક્સ ડિટેક્ટિવ પણ એ ટોળામાં વચ્ચે આંટા મારતો હતો. તેની બાજ જેવી આંખો ચારે તરફ હતી.

સ્ટીમર આવી પહોંચી. બંદરેથી છૂટેલી હોડીઓ માણસોથી ભરાઈ ભરાઇને ઠલવાવા લાગી.

ઉતારૂઓની ભીડમાં ઘૂસીને ફિક્સ બધાને પોતાની નજરથી સૂંઘતો હતો. એકાએક એક માણસે તેને પૂછ્યું: "ભાઇ, બ્રિટિશ એલચીની ઓફિસ કઇ બાજુ?"

"કેમ શું પાસપોર્ટમાં સહી કરાવવી છે?" ફિક્સે કહ્યું ને તેની સામે જોયું.

"હા."

"જોઉં, ક્યાંનો પાસપોર્ટ છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલા માણસે પાસપોર્ટ બતાવ્યો. તેમાં ફોગનો ફોટો હતો. આ માણસ બીજો કોઈ નહિ પણ તેનો નોકર હતો.

"કેમ પાસપોર્ટ તો તમારો નથી લાગતો?"

"ના, મારા શેઠનો છે."

"તમારા શેઠ ક્યાં છે?"

"સ્ટીમર ઉપર."

"પણ પાસપોર્ટમાં સહી કરાવવા તેમને જાતે જ આવવું પડશે." ફિક્સે કહ્યું.

"એમ?"

"હા જ તો; એવો નિયમ છે."

"ઠીક, તો બોલાવી લાવું." કહીને પાસપારટૂટ પાછો ગયો.

ફિક્સને પેલા માણસનો ફોટો જોઈને શક આવ્યો. તે સીધો બ્રિટિશ એલચીની ઓફિસમાં પહોંચ્યો.

"સાહેબજી," કરીને બંને જણ મળ્યા. ફિક્સ પડખેની ખુરશી પર બેઠો.

"કેમ કોઈ શિકારની શોધમાં છો?" બ્રિટિશ એલચીએ પૂછ્યું.

"હા જ તો, અમારે બીજું શું હોય?" શિકાર હમણાં તમારી સમક્ષ આવશે. મને લાગે છે કે તમે પણ મને મદદ કરશો."

"હા, મારાથી બનશે તેટલી જરૂર."

લગભગ અડધા કલાકે ફિલિયસ ફોગ દાખલ થયો, અને પાસપોર્ટ બ્રિટિશ એલચીના હાથમાં મૂક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમારું નામ ફિલિયસ ફોગ!"

"હાજી," ફોગે શાંતિથી જવાબ આપ્યો.

"તમે લંડનથી આવો છો?"

"હાજી."

"અને ક્યાં સુધી જવાના છો?"

"મુંબઈ સુધી."

"ઠીક, સાહેબજી, આપને નાહક તસ્દી આપી. અમારે કંઇ આપની ખુદની જરૂર નહોતી. અમારે તો પાસપોર્ટની જરૂર હતી."

"હાજી હું જાણું છું. પણ આ તો મારે મારી હાજરીની ખાતરી કરાવવી હતી."

બ્રિટિશ એલચીએ પાસપોર્ટમાં સહી કરી. ફોગે ફી ટેબલ ઉપર મૂકી, અને તે પાસપોર્ટ ખીસામાં નાખીને ચાલ્યો ગયો.

ફિકસની નજર આ બધા વખત દરમિયાન ફોગ ઉપર જ ચોંટેલી હતી.

ફોગ ગયો એટલે તે ઊભો થયો.

"કેમ આપને શું લાગ્યું?" તેણે એલચીને પૂછ્યું.

"મને તો બહુ સીધો ને પ્રમાણિક માણસ લાગ્યો."

"એ હશે, પણ મુદ્દાની વાત તો એ છે કે ત્યાંથી ચોરી કરીને નીકળેલ માણસનું વર્ણન આ માણસને મળતું જ છે," ફિકસે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તે તમારું કહેવું હું કબૂલ કરું છું. પણ બધાં વર્ણનો પણ—"

"કંઇ નહિ. એ તો હું હવે જોઈશ. પેલા નોકર જરા બોલકણો લાગે છે. તેની સાથે મિત્રાચારી બાંધવી પડશે."

દરમિયાન ફોગ તો હોડીમાં બેસીને 'મોંગોલિયા' સ્ટીમરની પોતાની કેબીનમાં પહોંચી ગયો હતો. કેબીનમાં બેસીને તેણે પોતાની નોંધપોથીમાં પોતાની મુસાફરીના અત્યારસુધીના દિવસોની ગણતરી કરી લીધી. લંડનથી પારિસ, પારિસથી ટ્યુરીન, ટ્યુરીનથી બ્રિંડીસી, બ્રિંડીસીથી સ્ટીમરમાં સૂએઝ: કુલ અત્યાર સુધીમાં ૧૫૮½ કલાક અથવા તો ૬॥ દિવસો તેણે કાઢયા હતા. તેણે મુસાફરીનાં સ્થળોનું તથા તારીખનું એક પત્રક તૈયાર કર્યું. તેમાં કયે દિવસે કયે સ્થળે પહોંચવાનું, તે બધું નોંધી રાખ્યું હતું. અત્યારસુધીમાં તેણે પોતાનો નક્કી કરેલો વખત બરાબર સાચવ્યો હતો. ૯મી ઓકટોબર ને બુધવારે તે સૂએઝ બરાબર પહોંચી ગયો હતો.

કેબીનમાં ભોજન મંગાવીને તે જમ્યો. પછી લાંબા પગ કરીને સિગારેટ પીવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૩ જું

હિંદુસ્તાનને રસ્તે

ફિકસે કરેલી અટકળ સાચી પડી. ફોગનો નોકર પાસ-પારટૂટ ભારે બોલકણો હતો. સ્ટીમર ઊપડવાને થોડીક વાર હતી તે દરમિયાન બજારમાંથી થોડુંક ખરીદવા માટે તથા બજાર જોવા માટે તે નીકળ્યો. ફિકસે તેને જોયો અને તેની પડખે ચડ્યો.

"કેમ પછી પાસપોર્ટનું બધું પતી ગયું ને ?"

"હોવે."

"કેમ, હવે ક્યાં જશો ?"

"આ સ્ટીમર ઊપડવાને થોડી વાર છે ત્યાં આ જોવાય તેટલું જોઇ લઉં. મને આ બધું સ્વપ્ન જેવું લાગે છે"

"કેમ ?"

"હજુ જાણે હમણાં જ હું ઇંગ્લાડમાં મારા ઓરડામાં હતો. આ અત્યારે ક્યાં છીએ, ઠેઠ સૂએઝમાં, નહિ ?"

"હા."

"એટલે મિસર દેશમાં કેમ ?"

"હા જ તો, મિસરમાં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એટલે કે આફ્રિકામાં, નહિ ?"

"હા, હા, આફ્રિકામાં" ફિક્સે કહ્યું.

"પણ એ કેમ મનાય ? ક્યાં ઇંગ્લંડ ને ક્યાં આફ્રિકા ! મેં તો મારી જિંદગીમાં પેરિસથી આગળ કાંઇ જોયું જ નથી. અને જોવાની આશા યે નહોતી. આ વખતની મુસાફરીમાં તો પેરિસ પણ ન જોવાયું. રાત્રે તેના દીવા ચાલતી ટ્રેને જોયા."

"કેમ, પેરિસમાં રોકાયા નહિ ? બહુ ઉતાવળમાં હશો."

"ના, ના; મારે તો કાંઈ ઉતાવળ નથી. મારા શેઠને બહુ ઉતાવળ છે. એટલે જ ઘેરથી પણ એકલા હાથપગ લઇને જ ચાલી નીકળ્યા છીએ. કપડાંલત્તાં જેટલાં બને તેટલા અહીંથી ખરીદવાં છે, એટલે તો નીકળ્યો છું."

"ચાલો, હું બજારમાં તમને દુકાનો બતાવું. હું અહીંનો ભોમિયો છું."

પાસ પારટુટને આ અણધાર્યો સાથી મળવાથી બહુ જ આનંદ થયો, અને તેની જીભ છૂટથી વહેવા લાગી.

"પણ સ્ટીમર ન ચૂકાય એ ધ્યાનમાં રાખવું પડશે."

"અરે હજુ તો ઘણો વખત છે. હજુ તો બાર જ વાગ્યા છે." ફિક્સે પોતાની ઘડિયાળ કાઢીને કહ્યું. પાસ પારટુટે પણ પોતાનું ઘડિયાળ કાઢયું.

"જુઓ, જુઓ. અત્યારે તો ૯–૫૨ થઇ છે.

"તમારી ઘડિઆળ મોડી લાગે છે." ફિક્સે કહ્યું.

"મોડી ? મારી ઘડિયાળ મોડી ? અરે આ ઘડિયાળ તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારા દાદાના વખતથી ચાલી આવે છે. આખા વરસમાં પણ પાંચ મિનિટનો ફેર નથી પડતો, ખબર છે ?"

"બરાબર. પણ આ ઘડિયાળનો સમય લંડનનો હશે. સૂએઝના વખતથી લંડનનો વખત બે કલાક મોડો જ હોય. તમારે દરેક દેશમાં તે તે દેશનો સમય મેળવી લેવો પડશે. નહિ તો ગોટાળો થશે."

"અરે હું મારા ઘડિયાળના કાંટા ફેરવું ખરો ?"

"તો પછી સૂરજની ગતિનો ને તમારી ઘડિયાળની ગતિનો મેળ નહિ ખાય."

"તો એમાં હું શું કરું ? સૂરજે એટલું ધ્યાન રાખવું જોઇએ," એમ કહીને તેણે પોતાનું હથોડા જેવું ઘડિયાળ ખીસામાં મૂક્યું.

થોડીવાર પછી પાછી ફિક્સે મુદ્દાની વાત શરૂ કરી.

"ત્યારે તમે લંડનમાંથી એકાએક નીકળ્યા હશો ?"

"અરે કહું છું કે ગયા બુધવારે સાંજે એકાએક ૮ વાગે મારા શેઠ કલબમાંથી આવ્યા અને ૮॥ વાગે અમે ગાડીમાં બેસીને ઊપડ્યા."

"તે એટલી બધી ઉતાવળે તમારા શેઠ કયાં જવાના છે ?"

"સીધેસીધા આખી દુનિયાને ફરતો ફેરો દેવાના છે."

"એમ ?"

"હા અને તે ય ૮૦ દિવસમાં જ. એ કહે છે કે મેં શરત કરી છે. આપણે એ માનતા નથી. આવી શરત તો નરી મૂર્ખાઇ જ કહેવાય. મારા શેઠ મૂર્ખા નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમારા શેઠ પૈસાદાર પણ ખૂબ હશે, નહિ?"

"હશે જ તો. હું તો હજી હમણાંજ જ નોકરીમાં દાખલ થયો છું. પણ અત્યારે અમારી સાથે થોકડાબંધ નોટો છે. અને મારા શેઠ હાથના છૂટા છે."

"હવે અહીંથી ક્યાં જવાના?"

"મુંબઇ. તે અહીંથી કેટલું દૂર હશે?"

"દસ દિવસનો રસ્તો છે."

"તે મુંબઇ શેમાં આવ્યું ગણાય?"

"ઈંડિયામાં."

"ઇંડિયા શેમાં આવ્યું?"

"એશિયામાં."

ફિક્સને જોઇતી માહિતી મળી ગઈ. તે પાસ પારટુટને જોઇતો સામાન અપાવીને સીધો તાર ઓફિસમાં ગયો. જે તાર આપણે બીજા પ્રકરણમાં જોયો તે તાર અત્યારે ફિક્સે કર્યો હતો. ફિક્સે પોતાનો સામાન તૈયાર કર્યો, અને ત્યાંથી મુંબઇની ટિકિટ કઢાવીને 'મોંગોલિયા' સ્ટીમરમાં વખતસર પહોંચી ગયો.

મોંગોલિયા સ્ટીમર રાતા સમુદ્રનાં પાણી કાપતી ઊપડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪ થું

મુંબઇમાં

સ્ટીમરમાં મોટે ભાગે હિંદુસ્તાનના જ ઉતારૂઓ હતા. મોટા અમલદારો, વેપારીઓ, મુસાફરો અને લશ્કરના સિપાઇઓ—એવા જાતજાતના ઉતારૂઓ તેમાં હતા.

પાસ પારટુટને આ મુસાફરીમાં ખૂબ મજા પડી. તે આખો દિવસ ખાવાનું અને ડેક ઉપર ફરીને જાતજાતના માણસો સાથે ઓળખાણ પાડવાનું જ કામ કરતો. ફોગ આખો દિવસ કેબિનમાં જ રહેતો. એટલે તેના નોકરને છૂટથી ફરવાની મજા આવતી.

સ્ટીમર ઊપડ્યા પછી બીજે જ દિવસે ઓચિંતો ફિક્સ અને પાસ પારટુટનો ભેટો થઇ ગયો.

" ઓ હો ! તમે ક્યાંથી ? તમારું નામ શું ? "

" ફિક્સ. તમે કોણ ? હં ! હં ! આપણે સૂએઝમાં મળ્યા હતા, નહિ ? " જાણે મહા પ્રયત્ને યાદ કરતો હોય એવો ફિક્સે ડોળ કર્યો.

" તમે તો પેલા અંગ્રેજ ગૃહસ્થના નોકર, નહિ ? દુનિયાની મુસાફરીવાળા ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, એ જ. ઠીક થયું તમે મળી ગયા. તમારે આમ કઈ બાજુ જવાનું છે?"

"તમારી સાથેસાથ મુંબઇ."

"બહુ મજાનું લ્યો. તે તમે કોઇવાર મુંબઇ ગયા છો?"

"ઘણીવાર. હું પી. એન્ડ ઓ. કંપનીનો એજન્ટ છું."

"એમ! વાહ, ત્યારે તો તમે ઈંડિયાથી જાણીતા હશો."

"હા જ તો."

"કહે છે કે ઈંડિયામાં વાઘો, ને મદારીઓ, ને ફકીરો ને એવું બધું બહુ હોય." પાસ પારટુટે ઈંડિયા વિષેનું પોતાનું અગાધ જ્ઞાન બતાવવા માંડયું.

"એ બધું ખૂબ જોવા જેવું છે. એ બધું જોવામાં તમારા દિવસો એવા ચાલ્યા જશે કે તમને ખબર પણ નહિ પડે."

"પણ એ બધું જોવાનું આપણા નસીબમાં કયાંથી હોય? અમારે તો સ્ટીમરમાંથી સીધા ટ્રેનમાં ને ટ્રેનમાંથી સ્ટીમરમાં. આ બધું મુંબઇ આગળ જ અટકી જાય તો સારું."

"કેમ, તમારા શેઠ મજામાં છે ને?"

"હો. હું ય મજામાં છું. આખો દિવસ ખાઇ પીને લહેર કરું છું. દરિયાની હવા ખૂબ સારી. કકડીને ભૂખ લાગે છે."

"તમારા શેઠ ડેક ઉપર ફરતા દેખાતા નથી."

"એમને એવું જોવાનું બહુ કુતૂહલ નથી."

"એ જ વાત મને સારી લાગે છે. આ તમારા શેઠની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮૦ દિવસની મુસાફરીની વાત તો લોકોને ભરમાવવાની વાત છે. તેની પાછળ તેનો હેતુ કંઈ બીજો જ હોવો જોઇએ. તમને કેમ લાગે છે ? "

" ભગવાન જાણે ! મને તો કંઇ ખબર નથી. અને આપણે જાણીને કામે ય શું છે ? "

સ્ટીમર બરાબર ઝડપમાં ચાલતી હતી. રાતો સમુદ્ર વટાવીને એડન આગળ સ્ટીમર પહોંચી. એડનમાં થોડો વખત સ્ટીમર રોકાઇ, અને ત્યાંથી મુંબઇ તરફની મુસાફરી શરૂ થઇ. સ્ટીમર અરબી સમુદ્રમાં વહેવા લાગી.

સ્ટીમરને દરિયો એટલો બધો અનુકૂળ બની ગયો હતો કે સ્ટીમરનો મુંબઇ પહોંચવાનો દિવસ ઓકટોબરની ૨૨મીનો હતો, પણ સ્ટીમર ૨૦મી ઓકટોબરે મુંબઈના બારામાં આવી પહોંચી. ફોગને પોતાના ૮૦ દિવસના ક્રમમાં બે દિવસ લાભના મળ્યા. પોતાની ડાયરીમાં તેણે આ નોંધ લીધી.

સાંજના ૪ાા વાગે ઉતારૂઓ 'મોંગોલિયા' માંથી કિનારે ઊતરવા લાગ્યા. ફોગ નીચે ઊતરીને પોતાના નોકરને થોડી ઘણી ખરીદી કરવાનો હુકમ આપીને સીધો બ્રિટિશ કોન્સલની ઓફિસમાં ગયો. આસપાસ મુંબઇના રસ્તાઓ અને મોટા મોટા મકાનો ઉપર તેની નજર ન હતી. બ્રિટિશ કોન્સલની ઓફિસમાં પોતાનું કામ પતાવી તે સીધો સ્ટેશન ઉપર ગયો. અને ત્યાં પડખે એક હોટલ હતી ત્યાં જઇને ખાવાનું મંગાવીને ખાવા બેઠો.

આ બાજુ ફિક્સ કિનારે ઊતરીને સીધો પોલીસ ઓફિસમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો. ત્યાં જઈ ને તપાસ કરી તો માલમ પડયું કે તેણે ઇંગ્લંડથી મંગાવેલું વૉરંટ આવ્યું નથી.

ફિકસ નિરાશ થયો. તેણે પોલીસ કમિશ્નરને એક વૉરંટ પોતાને નામે કાઢી આપવા કહ્યું. પણ પોલીસ કમિશ્નરે ચોખ્ખી ના પાડી. તેણે કહ્યું: " એ મારા હાથની વાત નથી. એ અહીંના ગૃહમંત્રી (હોમ મેમ્બર) ના હાથની વાત છે."

ફિકસે આ બાબતમાં વધારે રકઝક ન કરી અને વૉરંટની રાહ જોવાનું નક્કી કર્યું. પણ તે દરમિયાન તેનો ચોર ક્યાંય ભાગી ન જાય તે માટે તેના ઉપર નજર રાખવાનું તે ભૂલ્યો નહિ. તેની માન્યતા હતી કે ફોગ એકાદ બે દિવસ મુંબઇમાં રોકાશે, અને ત્યાં સુધીમાં વૉરંટ આવી જશે.

પણ પાસ પારટુટને જ્યારે તેના શેઠે હુકમ કર્યો કે જલદી સામાન ખરીદીને સ્ટેશને આવજે, ત્યારે તેને ખાતરી થઇ કે એ આજે જ મુંબઇથી ઉપડશે. તેની પાસે વખત થોડો હતો. તેણે ઝટઝટ બજારમાંથી કપડાંલત્તાં ખરીદવાં હતાં તે ખરીદી લીધાં અને તે મુંબઇમાં થોડીવાર ફરવા માટે નીકળ્યો.

ફરતાં ફરતાં તે મોટા મંદિર પાસે આવી પહોંચ્યો. આવું ભવ્ય મકાન તેણે બહારથી જોયું તો તે ચકિત થઇ ગયો. તેણે અંદર જઇને જોવાનો વિચાર કર્યો. ઉપરના ઘુમ્મટમાં નજર નાખતો મંદિરના ગર્ભદ્વારની અંદર પેસી ગયો. એકાએક તેને પાછળથી ધક્કો આવ્યો ને તે ત્યાં ને ત્યાં સૂઈ ગયો. તે ઊભો થાય ત્યાં તો પાછળથી બેત્રણ માણસો તેના પર તૂટી પડ્યા. એક જણે તેના પગમાંથી જોડા કાઢી નાંખ્યા, અને તે

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોડાથી તેને ટીપવા માંડયો. તેની હેટ તો તેના પડવાની સાથે જ કયાંક ઊડી ગઇ. તે માંડમાંડ ઊભો થયો અને ગુસ્સામાં આવી જઇ ને તેણે પોતાના હાથ વીંઝવા માંડ્યા. તેના ખડતલ હાથના સપાટાથી બે ત્રણ જણ તો કયાંય ગબડી પડ્યા. લાગ જોઈ ને તે ભાગ્યો. પાછળ હો હા થવા લાગી, પણ તે તો આગળપાછળ જોયા સિવાય ઊભી બજારે ભાગ્યો. એક ગાડી પકડીને સીધો સ્ટેશને પહોંચી ગયો. સ્ટેશને પહોંચ્યો કે તરત જ તેને ખબર પડી કે તેના પગમાં જોડા નથી અને માથા ઉપર હેટ નથી. જે સામાન ખરીદવા તે બજારમાં ગયો હતો તે સામાન મંદિરમાં જ રહી ગયો હતો. ૮–૫ વાગે તે સ્ટેશનના પ્લેટફોર્મ પર આવી પહોંચ્યો. ફોગ ત્યાં ઊભો જ હતો. જો તેણે જરાક વધારે ઝીણી નજર કરી હોત તો તે ખૂણામાં ફિકસને ઊભેલો જોઇ શકત. પણ તેની ગભરાયેલી નજર અત્યારે ફોગ ઉપર જ હતી. તેણે ફોગને પોતાના પરાક્રમની વાત કરી. ફોગે તે સાંભળીને એટલું જ કહ્યું, “ મને આશા છે કે આવું ફરીવાર નહિ બને. ” એટલું બોલીને તે ડબ્બામાં બેઠો.

પાસ પારટુટ પણ નીચી મૂંડીએ મૂંગોમૂંગો તેની પાછળ ચડ્યો.

ફિકસ પણ બીજા ડબ્બામાં બેસવાની તૈયારી કરતો હતો, ત્યાં એકાએક તે અટક્યો. “ ના અહીં જ મારે રોકાવું ઠીક છે. હવે તો હિંદુસ્તાનની હદમાં પેલા માણસે ગુનો કર્યો છે. હવે મારા ચોરને પકડવો સહેલ છે. ”

ત્યાં તો ટ્રેનની વ્હીસલ વાગી ને ગાડી ઊપડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૫ મું

ડબાની અંદર ફોગ અને પાસ પારટુટ પાસે એક અંગ્રેજ ગૃહસ્થ બેઠા હતા. તેમનું નામ જનરલ સર ફ્રાન્સિસ કોમાર્ટી. બનારસની અંદર લશ્કરી ખાતામાં તે મોટા અમલદાર હતા. પોતાના દેશમાં રજા ભોગવીને તેઓ પાછા પોતાની નોકરી ઉપર જતા હતા.

મુંબઈ થી કલકત્તાની આ રેલ્વેલાઇન બહુ થોડાં વરસો ઉપર નખાઇ હતી. જી. આઈ. પી. રેલ્વે હજી પોતાના ધંધાની શરૂઆત કરતી હતી. જો થોડાં વરસો પહેલાં ફોગે આ શરત માથે લીધી હોત તો તે મધ્ય હિંદુસ્તાનનાં જંગલોમાં ક્યાંય અટવાઈ ગયો હોત. પણ અત્યારે તો જંગલો અને વિંધ્યના પહાડો વીંધીને રેલ્વે સડેડાટ ચાલી જતી હતી. કોમાર્ટી અને ફોગ વચ્ચે સારી મિત્રાચારી બંધાઇ ગઈ હતી. કોમાર્ટીએ જયારે ફોગના સાહસની વાત જાણી ત્યારે એક અનુભવી અને ભલા માણસ તરીકે ફોગને આ સાહસ પડતું મૂકવાની સલાહ આપી. પણ એ સલાહ નકામી જ હતી.

૨૨ મી ઓકટોબરના સવારના આઠ વાગે એકાએક ટ્રેન અટકી. અને બહાર ગાર્ડની બૂમ સંભળાવા લાગી ‘ ખાલી કરો. ’ પાસ પારટુટ એકદમ ડબાની બહાર ગયો અને પાછો તરત જ અંદર આવ્યો. “ કેમ શું છે ? ” કોમાર્ટીએ પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બસ, આનાથી આગળ ટ્રેન જતી જ નથી."

"એટલે શું ?"

જનરલ એકદમ બહાર આવ્યો. ફોગ પણ તેની પાછળ ઊતર્યો. બન્ને જણ ગાર્ડને મળ્યા.

"આ કયું સ્ટેશન છે ?"

"ખોલબી."

"અહીં કેમ ગાડી અટકી ?"

"હજુ લાઇન પૂરી બંધાઇ નથી."

"હજુ નથી બંધાઇ ? ત્યારે છાપામાં તો લાઈન પૂરી થઇ ગઈ છે એમ છપાઇ ગયું છે."

"એમાં હું શું કરું ?" ગાર્ડે જવાબ આપ્યો.

"પણ તમે મુંબઇથી કલકત્તાની ટિકિટો તો કાઢી આપો છો ?"

"ટિકિટ જરૂર કાઢી આપીએ છીએ. પણ એ તો સમજી લેવાનું કે ઉતારૂએ ખોલબીથી અલાહાબાદ સુધીની સગવડ જાતે કરી લેવાની છે. અલાહાબાદથી આગળ પાછી લાઈન ચાલુ છે."

કોમાર્ટીનો મિજાજ ગયો. પાસ પારટુટનું ચાલત તો ગાર્ડને એક મુક્કો લગાવ્યો હોત.

"આપણે હવે ખિજાવાનું કાંઈ કારણ નથી," ફોગે શાંતિથી કહ્યું. "અલાહાબાદ પહોંચવાની કંઈ તજવીજ કરીએ."

"મારે તો વાંધો નથી. મુશ્કેલી તો તમારે છે. તમારી યોજનામાં મોટો વાંધો આવશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ના, ના; મારે એવી ઉતાવળ છે જ નહિ."

કેમાર્ટી ફ્રોગની આટલી નિરાંત જોઈ ને નવાઈ પામ્યો.

બીજા ઉતારૂઓ તો આ લાઇન અધૂરી છે તે હકીક્ત જાણતા હતા, એટલે તેમણે તો પોતપોતાનાં વાહનોની તૈયારી આગળથી કરી રાખી હતી. કેમાર્ટી અને ફ્રોગ ગાર્ડ સાથેની વાતચીતમાં રોકાયા તે દરમિયાન બધાં વાહનો ત્યાંથી ઊપડી ગયાં હતાં. તેમને માટે કંઇ રહ્યું નહોતું.

" આપણે ચાલીને જશું." ફ્રોગે કહ્યું.

" સાહેબ, મને લાગે છે કે એક બીજો ઉપાય છે." પાસ પારટુટે આસપાસ થોડીક તપાસ કરીને કહ્યું.

" શું છે ? "

" એક હાથી. અહીં પડખે જ એક માણસ છે તેની પાસે છે."

" ચાલો, જોઈએ."

ત્રણેય જણા હાથી હતો ત્યાં ગયા. એક ઝૂંપડી પાસે તાજો જ પાળેલો સુંદર હાથી બાંધેલો હતો. તેનો માલિક પડખે બેઠેલો હતો.

" કેમ ભાઇ, આ હાથી ભાડે આપવાનો છે ? " કેમાર્ટીએ ભાંગીતૂટી દેશી ભાષામાં કહ્યું.

પેલાએ સાફ ના પાડી.

પણ ફ્રોગ તેને છોડે એમ નહોતો.

" કલાકના દશ રૂપિયા ભાડું આપું. આવવું છે ? "

" ના. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેવટે અલાહાબાદ સુધીના ૯૦૦ રૂપિયા આપવાની વાત કરી, તોપણ પેલાએ ચોકખી ના પાડી.

ફોગ જરા પણ ઉશ્કેરાટ બતાવ્યા સિવાય બોલ્યો: "તો ૧૦૦૦ રૂપિયા આપું, હાથી વેચવો છે ?"

પેલો હાથીનો માલિક ગરજ વરતતો ગયો. તેણે ના પાડી.

કોમાર્ટીએ ફોગને બાજુએ લઈ જઇ કહ્યું: "આટલી બધી કિંમત હાથીની ન હોય !"

"હું કંઇ આ હાથીની કિંમત નથી ગણતો. આ તો મારી ૨૦૦૦૦ પાઉંડની શરતની વાત છે. મારી શરત પૂરી કરવામાં હું ૨૦૦ ગણી કિંમત વધારે આપું તો ય બહુ નથી."

પાછો ફોગ તે માણસ પાસે ગયો, અને કિંમત વધારતાં વધારતાં ૨,૦૦૦ રૂપિયાની કિંમત આપવાનું કહ્યું. આખરે તે માણસ પલળ્યો.

પાસ પારટુટથી ન રહેવાયું. "હું મારા જોડાના સોગન ખાઈને કહું છું કે આટલી કિંમત હાથીની ન અપાય."

સોદો નક્કી થયો. એક ભોમિયો પણ સાથે લીધો. તે હાથી હાંકી પણ જાણતો હતો. તેણે હાથી ઉપર એક સાધારણ કદનો હોદ્દો ગોઠવી દીધો અને પેલા ત્રણે જણ ઉપર ગોઠવાઇ ગયા.

લગભગ ૯ વાગે હાથીની મુસાફરી શરૂ થઇ.

ભોમિયાએ જલદી અલાહાબાદ પહોંચવા માટે જંગલમાં થઇને આડબીડ રસ્તો લીધો. આ રસ્તે લગભગ વીશ માઇલનો ફેર પડી જતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આ ફેર જરા ભારે પડી જાય તેવો હતો. હાથી પરની અંબાડી આખી હાથીના હાલવાથી ડોલતી હતી. અને તેમનાં શરીર અથડાઇ અથડાઇને લોથ બની જતાં હતાં. પાસ પારટુટને પોતાની જીભ ખાસ કરીને સાચવવી પડી હતી. કારણકે જો બોલતાં બોલતાં હાથીનો આંચકો લાગે તો જીભ દાંત વચ્ચે કચરાઇ જવાનો ભય હતો.

બપોરે જંગલમાં એક જગાએ આરામ માટે મુકામ નાખ્યો. નાસ્તોપાણી કરીને પાછી તેમણે મુસાફરી શરૂ કરી. આ જંગલ વચ્ચેથી પસાર થતી વખતે જંગલનું સૌંદર્ય જોવાનું તેઓ ભૂલ્યા નહિ. પાસ પારટુટને ખાસ કરીને ઝાડ ઉપરના વાંદરાની કૂદાકૂદ જોવાની બહુ ગમત આવી. જંગલી જાનવરોનો દિવસના ભાગમાં તો ખાસ ભય નહોતો. છતાં તેઓ સાવધ રહેતા.

પાસ પારટુટને એક ભારે મૂંઝવણ એ હતી કે અલાહાબાદ પહોંચ્યા પછી તેનો શેઠ આ હાથીનું શું કરશે? તે કંઇ મુસાફરીમાં સાથે તો નહિ જ ફેરવાય? તેને વેચી દેશે કે છૂટો મૂકી દેશે કે મને ભેટ આપી દેશે, એ શંકા તેના મનમાં આખો વખત થયા કરતી. સાંજના ૮ વાગે એક તૂટી ગયેલા બંગલા જેવી જગ્યાએ તેઓએ મુકામ નાખ્યો. અને એક મોટું તાપણું સળગાવીને પાસ પારટુટે નાસ્તો તૈયાર કર્યો. ખાઇને તેઓ સૂઇ ગયા.

રાત નિરાંતે પસાર થઇ. સવારના ૭ વાગે તેઓ પાછા હાથી ઉપર ચડ્યા. આવતી કાલે સવારે તેઓ અલાહાબાદ પહોંચી જશે તેવી ગણતરી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬ ઠું

લગભગ દસ વાગે તેઓ અલાહાબાદ આવી પહોંચ્યા. ફોગ સીધો સ્ટેશન પર ગયો; પાસ–પારટુટ જરૂરી કપડાં તથા બીજો સામાન લેવા ગામમાં ગયો. પાસ–પારટુટ સામાન લેતાં લેતાં પણ અલાહાબાદનો વૈભવ જોવાનું ભૂલ્યો નહિ. તેને આ સાવ વિચિત્ર સૃષ્ટિ લાગી. આ શહેર નહોતું, પણ મંદિરોનો મોટો મેળો જ હતો !

પાસ–પારટુટ જ્યારે સ્ટેશન ઉપર આવી પહોંચ્યો ત્યારે તેનો શેઠ પેલા ભોમિયાને તેનું મહેનતાણું ચૂકવતો હતો. જેટલા કલાક તેણે કામ કર્યું હતું તે હિસાબે બરાબર પાઇએ પાઇની ગણતરી કરીને ફોગે પૈસા ચૂકવ્યા. અને જતાં જતાં કહ્યું: “આ હાથી હવે મારી સાથે ક્યાં ફેરવવો ? તું તારે લઈ જા. તને ભેટ.”

“શાબાશ.” પાસ–પારટુટ બોલી ઊઠ્યો. “તારે બદલે હું ભોમિયો હોત તો કેવી મજા થાત ? કેવો મજાનો હાથી છે ?”

ટ્રેનનો વખત થયો. એક ખાસ ડબામાં ફોગ કોમાર્ટી અને પાસ–પારટુટ બેઠા.

ટ્રેન ઊપડી. ગંગા નદીના રમ્ય પ્રદેશમાં તે ગાડી ઝપાટાબંધ કલકત્તાનો રસ્તો કાપતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડીવારે બનારસ આવ્યું. જનરલ કોમાર્ટીને અહીં ઊતરવાનું હતું. તેણે તેના બંને સાથીઓનો ખૂબ આભાર માન્યો. તેમની મુસાફરી નિર્વિઘ્ને પસાર થાય એમ ઇચ્છ્યું. ફોગે કોમાર્ટીના હાથ સાથે પોતાનો હાથ દબાવ્યો અને આંખમાં આંખ મેળવી. ટ્રેન ઊપડી.

૨૫ મી ઓકટોબરના સવારના સાત વાગે ટ્રેન કલકત્તા પહોંચી. સ્ટીમર આજે બપોરે હોંગકોંગ તરફ ઊપડવાની હતી. હજુ ૫–૬ કલાકનો વખત હતો.

તેઓ લંડનથી ઊપડીને બરાબર ૨૩ દિવસે કલકત્તા આવી પહોંચ્યા હતા. એટલે ગણતરી પ્રમાણે તો બરાબર હતું. પણ મુંબઈ સુધીમાં જે બે દિવસ વહેલા પહોંચવાને લીધે વધારે મળી ગયા હતા, તે આ હાથીની મુસાફરીમાં વપરાઇ ગયા. સરવાળો સરખો થઈ રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૭ મું

પાસ-પારટુટ વહેલોવહેલો ટ્રેનમાંથી ઊતર્યો તેની પાછળ ફોગ ઊતર્યો.

અહીંથી સીધા બંદર ઉપર જવાનું હતું. એક મજૂર પાસે સામાન ઉપડાવીને તેઓ સ્ટેશનથી બંદર તરફ નીકળતા હતા. ત્યાં સામે જ એક પોલીસ મળ્યો. તેણે વિવેકથી ફોગને પૂછ્યું: "આપનું નામ મિ. ફોગ કે?"

ફોગે તેટલા જ વિનયથી જવાબ આપ્યો:

"હાજી."

"અને આ આપનો નોકર હશે."

"હાજી"

"આપ જરા મારી સાથે આવશો?"

ફોગ અંગ્રેજ હતો. કાયદો તેને પોલીસની પાછળ જવા ફરમાવતો હતો. તેણે શાન્તિથી કહ્યું:

"ઘણી ખુશીથી."

પાસ-પારટુટ ઉશ્કેરાયો. તે પોલીસને પ્રશ્ન પૂછવાની તૈયારીમાં હતો. ત્યાં ફોગની નજર તેના તેના ઉપર પડી. તે મૂંગો થઇ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોલીસે ગાડી તૈયાર રાખી હતી. બધા ગાડીમાં બેઠા. એક શાન્ત લાગતા ઘર પાસે ગાડી આવીને ઊભી. તેમને તે ઘરમાં લઇ ગયો.

" આપને ૮ા વાગે કોર્ટમાં લઇ જવામાં આવશે." એટલું કહીને પોલીસ ઘરની બહાર તાળું મારીને ચાલ્યો ગયો.

" આ તો આપણને કેદ કર્યા." પાસ–પારટૂટથી હવે વધારે વખત ન રહેવાયું: " સ્ટીમર તો ૧૨ વાગે ઊપડે છે ! "

" પણ એ તો આપણે પહોંચી જઇશું," ફોગે કહ્યું.

૮ા વાગે બારણું ઊઘડયું, અને પોલીસ આવીને તેમને તે ઓરડાની બાજુએ જ એક મોટા ઓરડામાં લઇ ગયો. તે જ કોર્ટ હતી.

કોર્ટનો ઓરડો માણસોથી ભરેલો હતો. ન્યાયાધીશ પણ આવીને બેસી ગયા હતા.

" ચાલો પહેલો કેસ લાવો," ન્યાયાધીશ બોલ્યા.

" ફિલિયસ ફોગ આવે." કલાર્કે મોટો સાદ કાઢયો.

" હાજી, હાજર છું." ફોગ બોલ્યો.

" પાસ–પારટૂટ."

" હાજર છું," પાસ–પારટૂટ બોલ્યો.

" ઠીક ચાલો, બે દિવસથી તમારી રાહ જોવાય છે."

" હાજી, પણ અમારું શું કામ છે ? " પાસ–પારટૂટ બોલ્યો.

" એ હમણાં જ જણાશે." ન્યાયાધીશે ટાઢે પેટે કહ્યું. " ફરિયાદીને હાજર કરો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડખેનું બીજું બારણું ખૂલ્યું ને ત્રણ બ્રાહ્મણ જેવા લાગતા માણુસો આવ્યા.

અરે, આ કોણ છે?" પાસ-પારટૂટ બોલ્યો.

કારકુને ઊભા થઇને પેલા બ્રાહ્મણુની ફરિયાદ વાંચી સંભળાવી. તેમાં એટલું જ લખ્યું હતું કે "ફિલિયસ ફોગ અને તેના નોકરે અમારા ધર્મની લાગણી બહુ જ દુભાવી છે."

"આ આક્ષેપ તમારા ઉપર મૂકવામાં આવ્યો છે." ન્યાયાધીશે ફોગને ઉદ્દેશીને કહ્યું.

"હાજી, મારે કબૂલ છે." ફોગે શાંતિથી પોતાના ઘડિયાળમાં જોઇને કહ્યું.

"અને તેની સાબિતી તરીકે આ જોડા છે," કારકુને એક જોડ ત્યાં રજૂ કરી.

"અરે, આ તો મારા જોડા!" પાસ-પારટુટ બૂમ પાડી ઊઠયો.

ફોગ પરિસ્થિતિ સમજી ગયો. મુંબઇનો કેસ અહીં કઇ રીતે આવ્યો તે તેને કાંઇ સમજાયું નહિ. પણ આપણે જાણીએ છીએ કે આ કામ પેલા ફિકસનું હતું. તે મંદિરના બ્રાહ્મણોને મોટી લાંચ આપીને બીજે જ દિવસે કલકત્તા સુધી લઇ આવ્યો હતો. પોતાનો શિકાર હાથમાં આવી ગયો જોઇ તેને ખૂબ આનંદ થયો.

"ત્યારે ગુનો સાબિત થયો છે." ન્યાયાધીશે પ્રવચન શરૂ કર્યું. "અંગ્રેજ સરકારનો કાયદો દરેક ધર્મને પૂરેપૂરું રક્ષણ આપે છે. તમે અને તમારા નોકરે ગુનો કબૂલ કરવાથી મારું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ સહેલું થઇ ગયું છે. ૨૦ મી ઓકટોબરે મુંબઇના મંદિરમાં જોડા પહેરીને અંદર દાખલ થવા બદલ પાસ–પારટુટને ૧૫ દિવસની સાદી કેદ તથા ૩૦૦ પાઉંડનો દંડ કરવામાં આવે છે. ”

“ ૩૦૦ પાઉંડ ! ” પાસ–પારટુટ બોલી ઊઠયો.

“ ચૂપ ! ” પોલીસે કહ્યું.

“ અને અલબત્ત શેઠ પોતે આ ગુનામાં સામેલ નહોતા, પણ નોકરની જવાબદારી તેમના પર હોવાથી તેમને ૮ દિવસની સાદી કેદ તથા ૧૫૦ પાઉંડની સજા ફરમાવવામાં આવે છે. ”

ખૂણામાં બેઠેલા એક માણસે આનંદમાં આવી જઇને પોતાના હાથ ઘસ્યા. તે માણસ ઉપર જો પાસ–પારટુટની નજર પડી હોત તો તે તેને જરૂર ઓળખી કાઢત. તે ફિક્સ જ હતો. ફોગે શાન્તિથી સજા સાંભળીને ઊભા થઇને કહ્યું: “ હું જામીન ઉપર છૂટો થવા માગું છું. ”

“ ખુશીથી, હાલ તુરત તમે જામીનગીરીથી છૂટા રહી શકો છો. અને જ્યારે તમે તમારી સજા ભોગવીને બહાર આવશો ત્યારે તે જામીનગીરીની રકમ પાછી આપવામાં આવશે. પણ આપને બંનેની થઇને ૨૦૦૦ પાઉંડની જામીનગીરી આપવી પડશે. ”

“ હાજી, હું અત્યારે જ મૂકવી દઉં છું. ” કહીને ફોગે પોતાની નાની શી બેગ ખોલી અને થોકડીમાંથી ૨૦૦૦ પાઉંડની નોટો ગણી આપીને ન્યાયાધીશના ટેબલ ઉપર મૂકી.

ફિક્સ અને બીજાં માણસો આભાં બની ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ચાલો, આપણે જઇએ." ફોગે પોતાની બેગ લઇ ને પાસ—પારટુટને કહ્યું.

"પણ મારા જોડા તો પાછા આપો!" પાસ-પારટુટે ૨૦૦૦ પાઉંડની દાઝ જતાં જતાં પણ કાઢી.

તેને જોડા પાછા મળ્યા.

"આ જોડાની કિંમત જરા આકરી પડી. ૨૦૦૦ પાઉંડના જોડા દુનિયામાં કોઇએ પહેર્યા નહિ હોય." પાસ-પારટુટ જતાં જતાં બબડ્યો. તેનો શેઠ તેને બહાર નીકળીને શુંનું શું કહી નાખશે, તેની તેને બીક હતી. પણ તેના શેઠે કહ્યું: "એક ગાડી કરી લે."

ફિક્સ ખરેખર ગૂંચવાયો. શિકાર આમ અજબ રીતે છટકશે તેનો તેને ખ્યાલ જ નહોતો.

"ખરો બદમાસ! ૨૦૦૦ પાઉંડ આમ જોત જોતામાં ફેંકી માર્યા. પણ હું તેને નહિ છોડું. તેની પાછળ પડવું જ પડશે. બદમાશ જેમજેમ આગળ વધતો જાય છે તેમતેમ ચોરેલા પૈસા ઓછા ને ઓછા કરતો જાય છે." તે બબડ્યો.

અત્યાર સુધી લંડનથી અહીં સુધીમાં ૫૦૦૦ પાઉંડ તો વપરાઇ ગયા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૮ મું

પી. ઍન્ડ એ. કંપનીની 'રંગૂન' નામની સ્ટીમર કલકત્તાથી ચીન અને જાપાનની વચ્ચે નિયમિત રીતે આવજા કરે છે. 'મોંગોલિયા' ના જેટલી સગવડવાળી ન હોવા છતાં તેના જેટલી જ ઝડપવાળી તે જરૂર હતી.

હોંગકોંગની લગભગ ૧૨ થી ૧૩ દિવસની મુસાફરી હતી. શરૂઆતના દિવસોમાં રસ્તો બહુ જ સારી રીતે કપાવા લાગ્યો. અંદામાનના ટાપુઓને ફરતો ફેરો લઈને મલાકાની સામુદ્રધુનીમાં 'રંગૂને' પ્રવેશ કર્યો અને તેમાંથી ચીનના સમુદ્રમાં સ્ટીમર ચાલવા લાગી.

સ્ટીમરના ડેક ઉપર ફરતાં ફરતાં એક દિવસ પાસ પારટુટે પોતાની સામે ફિક્સને ઊભેલો જોયો.

"ઓહો ! તમે અહીં ક્યાંથી ?" પાસ પારટુટે ફિક્સનો હાથ પકડીને કહ્યું.

"પણ તમે ક્યાંથી ?"

"કેમ ! અમે તો દુનિયાની પ્રદક્ષિણાએ નીકળ્યા છીએ. પણ તમે પણ અમારી જેમ જ સફર કરવા નીકળ્યા લાગો છો."

"ના, હું તો ફક્ત આ હોંગકોંગ સુધી જ છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ પણ તમે તો સ્ટીમરમાં અમારી સાથે જ છો. છતાં ક્યાંય દેખાયા નહિ ! ”

“ ના. જરા તબિયત ખરાબ હતી એટલે કૅબીનમાં જ રહેતો. આ દરિયો મને બહુ માફક નથી આવતો. કેમ તમારા શેઠ મજામાં છે ને ? ”

“ હો....વે. ”

ફિક્સ કાંઇ સમજ્યો ન હોય, તેમ ડોળ કર્યો. પાસ પારટુટે પોતાના પરાક્રમોની અથથી ઇતિ સુધી બધી વાત કહી સંભળાવી.

“ ઠીક ચાલો ત્યારે, એક એક પ્યાલો ચડાવીએ.”

“ ભલે ખુશીથી.”

દારૂની એક એક પ્યાલી ચડાવીને બંને જુદા પડ્યા.

પાસ પારટુટને આ પહેલી જ વાર શંકા થઇ કે આ ફિક્સ કોણ હશે; ‘ મોંગોલિયા ’ સ્ટીમરમાં એ એમ કહેતો હતો કે મારે મુંબઈ ઊતરી જવું છે. અને પાછો અહીં કેમ દેખાયો! પાસ પારટુટે પોતાની જિંદગીમાં કોઇ દિવસે આટલો ગંભીર-પણે વિચાર નહિ કર્યો હોય. ઘણા ઘણા કલાકોને અંતે એકા-એક તેના મનમાં પ્રકાશ પડયો.

“ હું ! સમજ્યો. આ તો પેલા સુધારક સભાના સભ્યો તરફથી મોકલાયેલો માણસ છે. મારો શેઠ સાચેસાચ મુસા-ફરી કરે છે કે નહિ તેની તપાસ રાખવા મોકલ્યો છે. બિચારા સભ્યો નાહકનો ખર્ચ કરે છે.”

પાસ પારટુટને પોતાની અટકળ તદ્દન સાચી લાગી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આ શોધ ઉપર તે ખુશ ખુશ થઇ ગયો હતો. હવે ફિક્સને બરાબર બનાવવો એમ તેણે મનમાં નિશ્ચય કર્યો.

૩૧ મી ઓકટોબર અને ગુરુવારે સવારના સાત વાગે સ્ટીમર સિંગાપોરના બારામાં નાંગરી. અહીંથી સ્ટીમરને કોલસો લેવાનો હતો.

ફોગ સિંગાપોરના બેટમાં એક ગાડી કરીને સ્ટીમર ઊપડવાના વખત સુધીમાં ફરી આવ્યો. પાસ પારટુટ પણ થોડીક લહેર કરી આવ્યો.

પાછી અગિયાર વાગે સ્ટીમરે પોતાની મુસાફરી શરૂ કરી. હોંગકોંગનો હવે છ દિવસનો રસ્તો હતો. જો પવન અનુકૂળ હોય તો ૬ઠ્ઠી નવેમ્બરે યોકોહામાની સ્ટીમરને ખુશીથી પહોંચી શકાશે એમ ફોગની ગણતરી હતી.

પણ હવા ધીમે ધીમે બદલાવા લાગી. પવનમાં તોફાનનાં ચિહ્નો જણાવા લાગ્યાં. કેપ્ટને સ્ટીમરના શઢો ખુલ્લા મૂકી દીધા. અને વરાળ ઓછી કરી નાખી. સ્ટીમરની ગતિ આથી વધી પણ સાવચેતી રાખવાની ખૂબ જરૂર હતી.

પાસ પારટુટની અધીરાઈ આ જોઇને સ્પષ્ટ જણાઇ આવતી હતી.

"કેમ હોંગકોંગ પહોંચવાની તમને ખૂબ ઉતાવળ લાગે છે?" ફિક્સે એક દિવસ તેને પૂછ્યું.

"હાસ્તો, છે જ."

"તમારા શેઠનો વિચાર ત્યાંથી યોકોહામાની સ્ટીમર પકડવાનો લાગે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા"

"ત્યારે આ દુનિયાની ફરતી મુસાફરી થશે એમ તમને મનમાં શ્રદ્ધા લાગે છે!"

"હા જ તો. કેમ તમને નથી?"

"જરાયે નહિ." ફિક્સે કહ્યું.

"તમે ભારે લુચ્ચા લાગો છો." પાસ પારટુટે કહ્યું.

ફિક્સ જરા ઝંખવાણો પડ્યો. તેને મનમાં થયું કે કદાચ આ નોકરને મારી ખરી ઓળખાણ થઇ ગઈ લાગે છે.

"ત્યારે તમે તો હોંગકોંગથી તો અમારાથી છૂટા પડશો. કેમ?" પાસ-પારટુટે થોડીવાર રહીને પૂછ્યું.

"જાણે કે—કંઇ કહેવાય નહિ, સમજ્યા,...."

"અરે ભલા માણસ, ચાલોને અમારી સાથે. મને તો બહુ જ મજા આવશે. આવી મોટી સ્ટીમર કંપનીનો એજંટ આમ વચ્ચે અટકી પડે એ ચાલે? જુઓ, આ તમારે ફક્ત મુંબઇ સુધી જ જવાનું હતું, અને એમાંથી ઠેઠ ચીન સુધી આવી પહોંચ્યા. હવે અહીંથી અમેરિકા કયાં આઘું છે? અને અમેરિકા આવ્યા એટલે યુરોપ આવ્યું જ સમજો ને!"

ફિક્સ શું જવાબ આપવો તે નક્કી ન કરી શકયો. પાસ પારટુટ તો ખુશ મિજાજમાં હતો.

"કેમ આ નોકરીમાં કમાણી કેવીક?" તેણે પ્રશ્નોની દિશા બદલી.

"કમાણી ખરી અને નહિ પણ ખરી. પણ આ મુસાફરી હું કંઇ મારે પોતાને પૈસે નથી કરતો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ તો મને ખાત્રી જ છે." પાસ પારટુટે હસતાં હસતાં કહ્યું.

ફિક્સને મનમાં દૃઢ શંકા થવા લાગી કે આ માણુસે મને ઓળખી કાઢયો છે. હવે શું કરવું ? તેણે વિચાર કર્યો.

"કાં તો આ નોકર પણ શેઠની ચોરીમાં ભળેલો છે અથવા જો તેને ખબર ન હોય તો તેને મારે તેના શેઠની ખરી ઓળખાણ કરાવી દેવી જોઈએ. હોંગકોંગમાંથી આ માણુસ ઉપડી જાય તે પહેલાં કોઇ પણ રીતે તેની પાસે મારે સાચી હકીકત મૂકીને તેને મારા પક્ષમાં લઇ લેવો પડશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૯ મું

૩જી અને ૪ થી નવેમ્બરે દરિયામાં તોફાન દેખાવા લાગ્યું. કેપ્ટનના મોઢા ઉપર ચિંતા દેખાવા લાગી. તેને ખાતરી થઇ ગઇ કે સ્ટીમર તેના સમય કરતાં એકાદ દિવસ મોડી જ પહોંચવાની. અને જો આ તોફાન ચાલુ જ રહેશે તો કંઇ કહેવાય નહિ.

સ્ટીમર આખી ડોલતી હતી. પેસન્જરો મોટે ભાગે કેબીનમાં સૂઈ રહેતા હતા. ખલાસીઓ આવા તોફાનમાં પણ સઢ ઉપર ચડીને બાંધ છોડ કરતા હતા. ફોગ અવારનવાર બહાર નીકળીને ડેક પરના કઠોડા પર હાથ ઠેરવી દરિયામાં ઊછળતાં મોજાં તરફ જોઈ રહ્યો હતો. પાસ–પારટુટના ઉકળાટનો પાર નહોતો. અત્યાર સુધીની મહેનત આ તોફાનમાં ધૂળ મળી જશે, એ વિચારે તે ધૂંઆપૂંઆ થઈ ને આંટા મારતો હતો. શાન્ત ફક્ત ફોગ જ હતો. તેના મોઢા પર ચિંતા કે ગભરાટનું એક પણ ચિહ્ન નહોતું. તેનો કાર્યક્રમ રોજની માફક ચાલ્યા કરતો હતો.

ફિક્સના આનંદનો પાર નહોતો. હવે પોતાનો શિકાર હોંગકોંગમાં પકડાશે, અને ફોગ રખડી પડવાનો. એની તેને ખાતરી હતી. તેણે આ તોફાનને ખરા દિલથી આવકાર આપ્યો—ભલે પોતે ઉલટી કરી કરી ને હેરાન થઈ જાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આખરે તોફાન શાન્ત થયું. 'રંગૂન' સ્ટીમરે પાછી પોતાની ઝડપ વધારી. પણ આ તોફાનમાં જેટલા કલાકનું મોડું થયું હતું, તેટલા કલાકની ખોટ કંઇ પૂરી પડે એમ નહોતું.

૬ ઠ્ઠી નવેમ્બરે સવારના પાંચ વાગે હોંગકોંગનો કિનારો દૂરથી દેખાવા લાગ્યો. ફોગે ગણતરી કરી જોઇ. તેઓ બરાબર ૨૪ કલાક મોડા પડ્યા હતા. યોકોહામાની સ્ટીમર ઊપડી ગઇ હોવી જોઇએ.

૬ વાગે હોંગકોંગના બંદર ઉપરથી પાઇલોટ આવી પહોંચ્યો, અને તેણે સ્ટીમરનું સુકાન હાથમાં લીધું. પાસ–પારટુટ અધીરો થઇ ગયો હતો. તેને થયું કે જઈ ને પાઇલોટને પૂછી જોઉં કે યોકોહામાની સ્ટીમર ઊપડી ગઈ, કે છે. પણ પોતાના શેઠની બીકને લીધે તે પૂછી ન શક્યો. પણ ફોગ પોતે જ પાઇલોટ પાસે ગયો.

તેણે પૂછ્યું. " યોકોહામાની સ્ટીમર ઊપડી ગઇ હશે, કેમ?"

" ના આવતી કાલે ઊપડશે. " પાઇલોટે કહ્યું.

પાછળ જ ઊભેલા પાસ–પારટુટથી કૂદકો માર્યા સિવાય ન રહેવાયું. તેનું ચાલત તો તે કદાચ પાઇલોટને ભેટી પડ્યો હોત.

" એ સ્ટીમરનું શું નામ ? "

" કાર્નેટીક. "

" પણ તે સ્ટીમર ગઇ કાલે ઊપડી જવી જોઇતી હતી, નહિ?"

" હા, પણ તેનું બોઇલર સમારવાનું હતું. એટલે તે રોકાઇ ગઈ છે; આવતી કાલે ઊપડશે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસ-પારટુટથી ન રહેવાયું. તેણે જઈ ને પાઈલોટનો હાથ પકડ્યો. "તમે સરસ આદમી છો હો." પાઈલોટ કંઇ ન સમજ્યો.

એક વાગે સ્ટીમર કિનારે આવી પહોંચી. ખરેખર ફોગના નસીબે આ વખતે પણ જોર કર્યું એમ કહેવું જોઇએ. અલબત તે ૨૪ કલાક મોડો તો પડ્યો જ હતો. પણ જો આ સ્ટીમર ઊપડી ગઇ હોત તો પછી બીજા આઠ દિવસે જ સ્ટીમર મળે તેમ હતું. અને વળી યોકોહામાથી અમેરિકા જતી સ્ટીમર આ હોંગકોંગથી ઊપડતી સ્ટીમરના ઉતારૂઓ લઇને જ ઊપડતી હતી. યોકોહામાથી અમેરિકાનો ગાળો લાંબો હોવાથી તેમાં એ ૨૪ કલાકની ખોટ પૂરી પાડી દેવાશે એમાં ફોગને શંકા નહોતી.

'કાર્નેટીક' ૭ મી નવેમ્બરે સવારે ૫ વાગે ઊપડવાની હતી. એટલે હજુ ૧૬ કલાકનો વખત હતો.

ફોગ એક હોટલમાં ઊતર્યો. પોતાના નોકરને તેણે બંદરે જઈ ટિકિટો ખરીદી લાવવા માટે મોકલ્યો. પાસ-પારટુટ દોડતો દોડતો બંદરે પહોંચી ગયો. ત્યાં તેની નજર ફિક્સ ઉપર પડી.

"કેમ તમે પણ અમારી સાથે જ અમેરિકા આવો છો?"

"હા જ તો," ફિક્સે કહ્યું.

"તો ચાલો આપણે ટિકિટો લાવીએ."

બંને ટિકિટ ઑફિસમાં ગયા. ટિકિટમાસ્તરે કહ્યું: "સ્ટીમર કાલે સવારે ઊપડવાની હતી તેને બદલે આજ સાંજે ઊપડશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સરસ ! ચાલો ત્યારે હવે હું જઈને મારા શેઠને ખબર આપું. તમે ય સામાન લઈને આવી પહોંચો." પાસ–પારટુટે ફિકસને કહ્યું.

ફિકસ ઘડીક ગભરાયો. પાછો તરત જ સ્થિર થઈ ગયો. તેણે કહ્યું: "પાસ–પારટુટ, ચાલો, જરા પડખેની હોટલમાં નાસ્તોણાસ્તો કરીએ."

"ભલે, મારે ક્યાં વાંધો છે ?"

એક નાની અંધારી હોટેલમાં તેઓ ઘૂસ્યા. કેટલાક ચીનાઓ અફીણ ફૂંકતા ફૂંકતા ત્યાં ઢળી પડ્યા હતા.

ફિકસે દારૂની બે બાટલી મંગાવી. જોતજોતામાં પાસ–પારટુટે પોતાના ભાગનો દારૂ ખલાસ કરી નાખ્યો.

"ચાલો હવે ઊપડીએ, પછી મોડું થશે."

"હવે એવી શી ઉતાવળ છે ?" ફિકસે કહ્યું.

"તમારે નહિ હોય, પણ મારે છે."

"પણ મારે એક ખાસ વાત તમને કહેવી છે."

"ખાસ વાત ?"

"હા."

"તો પછી કાલ સ્ટીમરમાં જ કહેવાનું રાખોને. ત્યાં નિરાંત હશે."

"ના, પણ મારે અત્યારે જ કહેવાની છે, અને એ તમારા શેઠ સંબંધે જ છે."

"એમ ? શું છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું કોણ છું તે જાણો છો?"

"અહો! મને લાગે છે કે એટલી તો મારામાં અક્કલ હશે. આપને સુધારક મંડળના સભ્યોએ બહુ મોટો ખર્ચ કરીને મારા શેઠની ભાળ રાખવા માટે મોકલ્યા; તે માટે મારે તમારો તથા તે સભ્યોનો આભાર માનવો પડશે."

"વાહ! ભાઇ વાહ! તમે પણ ભારે અક્કલ દોડાવી. ત્યારે હજુ તમે મને નથી ઓળખ્યો. આ બિલ્લો જોયો? હું તો ઇંગ્લાંડનો ડિટેક્ટીવ છું અને તમારા શેઠ એક મોટા ઉઠાવગીર છે. શું એમ ને એમ એ કંઇ અર્ધા કલાકની તૈયારીએ કોઇ દુનિયાની સફર કરવા નીકળી જાય?"

"તમે આ શું કહો છો?" પાસ–પારટુટ બોલ્યો "મારો શેઠ ચોર છે. એમ?"

"હા જ તો. જુઓને તમે જે દિવસે લંડનથી ઊપડ્યા, તે જ દિવસનાં છાપાં વાંચોને."

"જાઓ, જાઓ હવે." પાસ–પારટુટે કહ્યું.

"હવે તમને તમારા શેઠની શી ખબર હોય? તમે લંડનથી નીકળ્યા તે પહેલાં આગલે દિવસે તો તમે નોકરીમાં રહ્યા."

"હા, ભલે. પણ હવે તેનું તમારે શું કરવું છે તે વાત કરોને! એમાં મારી પાછળ શું લાગ્યા છો?"

"જુઓ વાત એમ છે કે તમારા શેઠને પકડવા માટે મારે તમારી મદદ જોઇએ છે. હજુ ફોગને પકડવા માટેનું વારંટ મને મળ્યું નથી. હું તેની રાહ જોઉં છું. એક બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસમાં આવી પહોંચશે ત્યાં સુધી તમારા શેઠને અહીં કોઈ રીતે રોકી પાડો.”

“પણ”—

“અને જો એમાં આપણે સફળ થશું તો બેંકે કાઢેલા ૪૦૦૦ પાઉંડના ઇનામમાં તમારો અરધોઅરધ હિસ્સો રહેશે.”

“બસ, હવે રાખો. એમ કદી નહિ બને. ભલેને મારો શેઠ મોટો ચોર રહ્યો. પણ હું તેનો નોકર છું. મને તેની નોકરીથી પૂરતો સંતોષ છે. તમે મોટું રાજ્ય આપી દો તોપણ હું તમને મદદ નહિ કરી શકું.”

“ભલે તો પછી કાંઈ નહિ. આપણી અત્યારની વાતચીતને ભૂલી જાઓ. અને ચાલો કંઈક પીણું લગાવીએ.”

“ભલે.”

પાસ-પારટુટે બીજો પ્યાલો ચડાવ્યો. તેની આંખો ઘેરાવા લાગી. ધીમેધીમે તે ખુરશીમાં વધારે ને વધારે ઢળવા લાગ્યો. થોડીવારમાં તે ઊંઘી ગયો.

“બસ, હવે વાંધો નહિ. સ્ટીમર વહેલી ઊપડવાની છે, તેની ફોગને શીરીતે ખબર પડશે?”

પૈસા ચૂકવીને ફિક્સ હોટેલની બહાર નીકળી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૦ મું

પોતાનો નોકર રાત પડી ગઈ છતાં ન આવ્યો એથી ફૉગ ઉશ્કેરાયો નહિ. સ્ટીમર હજુ આવતી કાલે સવારે ઊપડવાની છે, એમ તેને ખબર હતી; એટલે તે નિરાંતે પોતાને માટે પાથરવામાં આવેલી પથારીમાં સૂઈ ગયો.

સવાર પડી. રોજની ટેવ પ્રમાણે તેણે પોતાના નોકરને બોલાવવા માટે ઘંટડી વગાડી ત્યારે તેને ખાતરી થઈ કે નોકર હજુ સુધી આવ્યો નથી. બીજો કાંઈ પણ વિચાર કર્યા વગર કે વધારે તપાસ કર્યા વગર ફૉગ પોતાનો જે થોડોઘણો સામાન હતો, તે બેગમાં નાખીને હોટેલ બહાર જઈને એક ગાડી ભાડે કરી સીધો બંદર ઉપર ગયો. 'કાર્નેટીક' સ્ટીમર સવારે સાડાનવ વાગ્યાની ભરતીને વખતે ઊપડવાની હતી એમ તે જાણતો હતો.

બંદર ઉપર ગયો કે તરત જ તેને ખબર પડી કે સ્ટીમર ગઈ કાલ સાંજે ઊપડી ગઇ છે. ફૉગને હતું કે બંદર ઉપર સ્ટીમર અને નોકર બન્ને મળી રહેશે. અહીં બેમાંથી કોઈ ન મળ્યું. તે જરા આગળ ચાલવા લાગ્યો ત્યાં સામેથી એક માણસ તેની પાસે આવ્યો.

"આપ પણ મારી જેમ જ સ્ટીમર ચૂકી ગયા લાગો છો."

"હાજી, સ્ટીમર જાહેર કરેલા વખત કરતાં વહેલી ઊપડી ગઈ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“આપની સાથે કોઇ નોકર નથી?”

“હતો, પણ ગઈ કાલ સાંજથી તેનો પત્તો નથી.”

“તેનું નામ પાસ–પારટુટ હતું?”

“હા, તમે તેને ક્યાંથી ઓળખો?

“અરે, ‘રંગૂન’ સ્ટીમરમાં અમારે ખૂબ ગાઢ મિત્રાચારી બંધાઇ ગઇ હતી. તેણે પણ મને અત્યારે બંદર પર મળવાનું કહ્યું હતું.”

“હા પણ તે ગઇ કાલ બપોર પછી દેખાયો જ નથી.”

“કદાચ સ્ટીમરમાં ઊપડી પણ ગયો હોય!”

“શી ખબર!”

“પણ હવે કરવું શું? હવે બીજા બાર દિવસ સુધી અહીં સ્ટીમર માટે પડયા રહેવું પડશે! સ્ટીમરવાળાઓની આવી અનિયામતતાથી આપણે કેટલું હેરાન થવું પડતું હશે, તેનો કંઇ એ લોકોને ખ્યાલ છે?” ફિક્સે કહ્યું.

તેના મનમાં આનંદનો પાર નહોતો. ૮ દિવસમાં વૉરંટ આવી જ જવું જોઇએ. ઘડીવાર ફોગને કેદી તરીકે પકડવાનું ભવિષ્યનું દશ્ય તેની નજર આગળ તરવા લાગ્યું. ફોગે તેનું આ આનંદજનક દશ્ય એક જ વાક્યમાં તોડી નાખ્યું: “અહીં બંદર ઉપર બીજી નાની બોટો રાખવામાં આવતી હોવી જોઇએ, નહિ?” એમ કહીને તે ડોક બાજુ ચાલવા લાગ્યો. ફિક્સ પણ તેની પાછળ-પાછળ ચાલ્યો.

લગભગ ત્રણ કલાક સુધી તે હોંગકોંગના વિશાળ બંદર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર ફર્યો. એકેએક વહાણવાળાને ધીરજપૂર્વક પૂછ્યું. પણ કાં તો કોઈ વહાણમાં હજુ માલ ભરાતો હતો, કાં તો કોઇમાંથી માલ ઠલવાતો હતો. ફોગ હિમ્મત ન હાર્યો. આખરે તેને એક માણસ મળ્યો.

"આપ કોઈ બોટની તપાસમાં છો?"

"હા, તારી પાસે એકેય તૈયાર બોટ છે?"

"હા, ૪૩ નંબરની બોટ મારી છે. આખા બંદરમાં તેનો જોટો નથી."

"ઝડપમાં કેવીક છે?"

"કલાકે આઠથી નવ માઈલ તો સહેલાઇથી કાપી નાખે. ચાલો, જુઓ તો ખરા."

"ચાલો."

બન્ને જણ તે બોટ પાસે ગયા. ફિક્સ પણ પાછળપાછળ હતો જ.

"આપને ફરવા જવા માટે જ જોઇતી હશે કેમ?"

"ના, ફરવા કરતાં સ્હેજ વધારે."

"એટલે?"

"એટલે કે અહીંથી યોકોહામા સુધી આ બોટને લઈ જવી છે."

"હેં!" ખલાસીની આંખો જરા પહોળી થઈ.

"હા, મશ્કરી નથી. હું સ્ટીમર ચૂકી ગયો છું, અને ૧૪મીએ મોડામાં મોડું મારે યોકોહામા પહોંચી જ જવું જોઇએ. ત્યાંથી મારે અમેરિકાની સ્ટીમર પકડવાની છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સાહેબ, એ જરા આકરું છે. મારી બોટનું એ ગજું નથી. માફ કરજો."

"અરે, પણ તને રોજના ૧૦૦ પાઉંડ આપું, અને જો વખતસર મને પહોંચાડી દે તો ઈનામના ૨૦૦ પાઉંડ જુદા."

"સાચે સાચ ?"

"ચોક્કસ."

ખલાસીએ દરિયા તરફ નજર નાખી. પોતાની નાની સ્ટીમર ઉપર નજર નાખી. તેના મનમાં ગડમથલ ચાલતી હોય, એમ લાગ્યું. ફિક્સના દિલમાં શું થતું હશે, તે તો આપણે સમજી શકીએ છીએ.

"કેમ, શો વિચાર છે ?" ફોગે પૂછયું.

"સાહેબ, આમાં મારા માણસો તથા વહાણનું જોખમ છે. આવે વખતે આવી નાની સ્ટીમરમાં આવી મોટી સફર ન થઈ શકે. અને યોકોહામા કંઈ પાસે છે ? ૧૬૫૦ માઈલ દૂર છે."

"બસ ફક્ત એટલું જ ?"

"પણ આપણે એમ કરીએ તો ?" ખલાસીએ યુક્તિ કાઢી.

"શું ?" ફોગે પૂછયું. ફિક્સ પણ એક કાને આ વાત સાંભળી રહ્યો હતો.

"અહીંથી આપણે સીધા નાગાસાકી જઈએ. જે અહીંથી ૧૧૦૦ માઈલ છે. અને નહિ તો શાંગહાઈ જઈએ. એ તો ફક્ત ૮૦૦ માઈલ જ છે. શાંગહાઈ જવામાં એક ફાયદો એ કે આપણે બોટ કાંઠે જ હાંકવી પડે, અને વળી દરિયાના પ્રવાહનો લાભ મળી જાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ મારે તો યોકોહામાથી ઊપડતી અમેરિકાની સ્ટીમર પકડવી છે."

"હા, પણ એ સ્ટીમર કંઇ યોકોહામાથી નથી ઊપડતી, એ તો શાંગહાઇથી ઊપડે છે. અને વચ્ચે યોકોહામા રોકાય છે."

"તને ચોક્કસ ખાતરી છે?"

"હા, હા."

"તો એ સ્ટીમર શાંગહાઇથી ક્યારે ઊપડે છે?"

"૧૧મીએ સાંજના ૭ વાગે, એટલે આપણી પાસે હજુ ચાર દિવસ છે. કલાકના ૮ માઇલની ઝડપે આપણે શાંગહાઈ બરાબર વખતસર પહોંચીશું."

"તો પછી ક્યારે ઊપડશું?"

"એક કલાકમાં. થોડુંક બજારમાંથી ખરીદવાનું છે તે ખરીદીને તરત જ ઊપડશું."

"તો પછી આપણે ભાવ તો જે નક્કી કર્યો તે કબૂલ છે ને? તું જ આ સ્ટીમરનો માલિક છે ને?"

"હા, મારું નામ જ્હોન બંસ્બી; મારી બોટનું નામ 'ટાંકાડેરે.'"

"કંઇ આગળથી ભારે રકમની જરૂર પડશે?"

"જેવી તમારી મરજી."

"તો લે, આ ૨૦૦ પાઉંડ," તેણે કહ્યું, અને તરત જ તે ફિક્સ તરફ ફર્યો. "આપને પણ કંઇ ખાસ વાંધો ન હોય તો મારી સાથે જ ચાલો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“હા જી, આપનો ઉપકાર. હું આપને હમણાં એ જ કહેવાનો હતો.” ફિક્સે જવાબ આપ્યો.

“તો પછી આપણે અરધા કલાકમાં તૈયાર થઇ જઇએ. હું જરા પોલીસ ઑફિસમાં જઇને મારા નોકર સંબંધે તપાસ કરીને ખબર આપવાનું કહેતો આવું.”

ત્રણ વાગ્યા. ૪૩ નંબરની એક નાની બોટના શઢ ખુલ્લા મૂકવામાં આવ્યા હતા. તેજી ઘોડીની જેમ તે ઊપડવા માટે તૈયાર દેખાતી હતી. જ્હોન બંસ્બી ગર્વથી પોતાની નાની સ્ટીમર પરના નોકરોને હુકમ આપી રહ્યો હતો. સ્ટીમરમાં બીજા ચાર જ માણસો હતા.

“સ્ટીમરમાં ફૉગ તથા ફિક્સ માટે એક નાની જુદી જગ્યા તૈયાર કરી રાખી હતી. ફિક્સે પોતાની જગ્યા લેતાં લેતાં વિચાર કર્યો: “આ ગમે તેવો બદમાશ હશે, પણ રીતભાતમાં તો કોઇ પણ ગૃહસ્થને શરમાવી દે તેવો છે.”

‘ટાંકાડેરે’ ઊપડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૧ મું

આ ઋતુમાં ૮૦૦ માઈલની સફર એ કંઇ નાનુંસૂનું સાહસ ન હતું.

“ મારે તને વારંવાર કહેવાની જરૂર નથી કે સ્ટીમરની ઝડપ જરા વધારે રાખજે. ” ફોગે સ્ટીમર ઊપડ્યા પછી કહ્યું.

“ સાહેબ, મારા પર ભરોસો રાખો. હું કોઇ વાતની ખામી આવવા નહિ દઉં. ”

“ એમ તો મને તારામાં સંપૂર્ણ વિશ્વાસ છે ” ફોગે કહ્યું.

ફોગ બહાર ડેક ઉપર ખુરશી નાખીને લાંબા પગ કરીને સિગારેટના ધૂમાડા કાઢતો કાઢતો દિવસનો મોટો ભાગ બેસી રહેતો. ફિક્સ જાણતો હતો કે ફોગ બહુ જ ઓછાબોલો છે, એટલે તે એક બાજુ બેસી રહેતો. તેને ખાતરી થવા લાગી કે શિકાર હવે પાસે છતાં દૂર ને દૂર જતો જાય છે. ફોગ હવે અમેરિકા જ રોકાવાનો, એમાં તેને શંકા ન હતી. ઇંગ્લાંડથી સીધા અમેરિકા ન જતાં આમ ઊંધે રસ્તે તેણે અમેરિકા જવાનું ઠરાવ્યું, એમાં તેની બુદ્ધિ બરાબર ચાલી હતી, એમ ફિક્સ માનતો હતો. કારણ કે એ રસ્તો વધારે સહીસલામત હતો, અને વળી પોતે ચોરેલી રકમને વાપરી નાખવાને,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી સારો માર્ગ કયો હોય? અમેરિકામાં ગયા પછી આ માણસનું શું કરવું, એ સવાલ હતો.

ફૉગને ફક્ત તેના નોકર વિષે જ વિચાર કરવાનો હતો. તેને મનમાં એમ તો હતું કે કદાચ પાસ-પારટુટ છેલ્લી ઘડીએ પણ 'કાર્નેટિક'માં ચડી ગયો હશે.

પહેલો દિવસ બરાબર સહીસલામત રીતે પસાર થઇ ગયો. વહાણે લગભગ ૧૦૦ માઇલ કાપી નાખ્યા હતા.

બીજે દિવસે સવારે હવા જરાક જોર કરવા લાગી હતી. પણ તેથી ગભરાવા જેવું કાંઇ નહોતું. પવન કિનારાની બાજુથી આવતો હતો, એટલે વહાણ કિનારા તરફ ઘસડાવાનો સંભવ નહોતો.

ભોજન વખતે ફૉગે ફિકસને પણ આમંત્રણ આપ્યું. ફિકસ ના ન પાડી શક્યો. તેણે સંકોચથી કહ્યું: "હું આપની જેમ છૂટથી પૈસા ખરચી શકું તેવી સ્થિતિ નથી. તો પણ આ માર્ગમાં થતા ખર્ચમાં અર્ધો હિસ્સો મારો ગણજો.

"ના ના, એનો તમારે વિચાર જ ન કરવો."

"પણ, મારો એ બાબતમાં ખાસ આગ્રહ છે."

"ના, પણ, એ તો મારી ખીસાખરચીમાં ગણી લેવાશે."

ચર્ચા આગળ ન ચાલી. દરમિયાન વહાણ ખૂબ ઝડપથી પ્રગતિ કરી રહ્યું હતું. તે દિવસે સાંજ સુધીમાં લગભગ ૨૨૦ માઇલનું અંતર તે સ્ટીમરે કાપી નાખ્યું. ફૉગને આશા બંધાઇ કે યોકોહામા સુધીમાં તેના દિવસોનો સરવાળો બરાબર મળી રહેશે.

બીજે દિવસે સવારે ફો-કાઇનની સામુદ્રધુનીમાં તે વહાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ કર્યો. અહીં દરિયો જરા વધારે તોફાની જણાતો હતો. એટલું જ નહિ, પણ અહીં પવનનું તોફાન જરા વધારે જોરમાં દેખાતું હતું.

કૅપ્ટન ડેક ઉપર ઊભો ઊભો આકાશ સામું જોતો હતો.

"કેમ શું લાગે છે?" ફોગે પૂછ્યું.

"સાચી વાત કહું તો એમ છે કે તોફાન ચડી આવે છે."

"દક્ષિણ તરફથી કે ઉત્તર તરફથી?"

"દક્ષિણ દિશામાંથી."

"ત્યારે વાંધો નહિ. આપણી સ્ટીમરને પરાણે પણ વધારે ઝડપથી ચાલવું પડશે."

"હા, તમારા પૂરતી એ વાત ઠીક છે."

સ્ટીમરના કૅપ્ટનની અટકળ સાચી હતી. થોડી જ વારમાં આકાશ ઘેરાઇ ગયું. અને ધોધમાર વરસાદ વરસવો શરૂ થઈ ગયો. સ્ટીમર જાણે હમણાં જ દરિયાની સપાટી પરથી ઊડી પડશે, એમ લાગતું હતું. સ્ટીમર જાણે સમુદ્ર ઉપર ઠેકડા મારવા લાગી.

આખો દિવસ આ રીતે પસાર થયો. સ્ટીમરનો કૅપ્ટન આખો દિવસ સુકાન હાથમાં ઝાલીને જ ઊભો હતો.

સાંજ પછી વળી બીજી આપદા ઊભી થઇ. પવનની દિશા દક્ષિણની હતી, તે બદલાઇ વાયવ્યની થઇ; અને તોફાન પણ વધતું ચાલ્યું. જ્હોન બસ્ખી અને તેના સાથીઓ શું કરવું, તેની વિમાસણમાં પડ્યા.

થોડી મસલતને અંતે કૅપ્ટન ફોગ પાસે આવ્યો "મને લાગે છે કે આપણે પડખેના કોઇ બંદરે વહાણને નાંગરવું પડશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, મને પણ એમ લાગે છે." ફોગે કહ્યું.

"ત્યારે કયે બંદરે નાંગરીશું ?"

"મને તો એક જ બંદરની ખબર છે!"

"કયું ?"

"શાંગહાઇ" ફોગે શન્તિથી કહ્યું.

જહોન બંસ્બી આ જવાબથી જરા ડઘાઇ ગયો. પણ તરત જ તે ફોગનો મક્કમ નિશ્ચય સમજી ગયો. "ભલે, જે થવું હોય તે થાય. શાંગહાઇ તરફ જ મારી મૂકીએ."

રાત્રિ ભયંકર હતી. સ્ટીમર હજુ સુધી તરતી હતી, તે એક ચમત્કાર જ ગણાવો જોઇએ. ફોગ રાત્રે પણ ડેક ઉપર જ પડી રહ્યો હતો. તેની નજર ઉત્તર દિશા તરફ જ હતી. ફિક્સ પથારીમાં ઊંધું માથું નાખીને પડયો હતો.

સવારે તોફાન તો એવું ને એવું હતું, પણ પવન વળી પાછો અગ્નિકોણનો થયો અને ઉત્તર તરફ વહાણની ગતિ વધી. કિનારો ધુમ્મસની વચ્ચે કોઈ કોઈ વાર સહેજ દેખાતો હતો, પણ એકેય વહાણ નજરે પડતું નહતું.

બપોર પછી તોફાન કંઇક શાન્ત પડયું. વહાણના શઢ પાછા ખુલ્લા મૂકવામાં આવ્યા. સ્ટીમર જરા સ્થિરપણે ચાલવા લાગી. કેપ્ટને ફોગને હર્ષ સાથે જાહેર કર્યું કે હવે શાંગહાઇ માંડ ૧૦૦ માઈલ દૂર હશે. તે દિવસે સાંજે જો તેઓ શાંગહાઈ પહોંચે તો તેમને યોકોહામાની સ્ટીમર જરૂર મળી જાય; પણ વચ્ચે નડેલા તોફાનને લીધે જે ઢીલ થઈ, તેથી તેઓ સાંજ પહેલાં શાંગહાઇ પહોંચી શકે તેમ નહોતું.

પવન સાવ પડી ગયો. બપોરના બાર વાગે સ્ટીમર શાંગ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાઈથી ફક્ત ૪૫ માઇલ દૂર રહી. હજી છ કલાક હતા. બધા ડેક ઉપર ઊભા ઊભા આતુરતાથી શાંગહાઇના બંદરની દિશામાં તાકી રહ્યા હતા. સ્ટીમર તો કલાકના નવ માઇલની ઝડપે વધ્યે જતી હતી. એક એક ક્ષણની અત્યારે ગણતરી ગણાતી હતી.

સાંજના છ વાગ્યા. શાંગહાઈ ફક્ત ૧૦ માઇલ દૂર હતું. ડેક ઉપરથી શાંગહાઈ નગર જોઇ શકાતું હતું.

સાત વાગે શાંગહાઈ ફક્ત ત્રણ માઈલ દૂર રહ્યું. જ્હોન બંસ્બીએ જોયું કે ૨૦૦ પાઉન્ડનું ઇનામ હાથમાંથી સરકી પડ્યું કે પડશે. તેણે ફોગની સામું જોયું. ફોગ ખુરશી પર આડો પડ્યો હતો.

એ જ ક્ષણે દૂર કાળા ધૂમાડાનો ગોટો દેખાયો. આ ધૂમાડો શાંગહાઇથી ઊપડતી અમેરિકન સ્ટીમરનો જ હતો.

" હત્ તારી ! સ્ટીમર તો ઊપડી ! "

" તો સ્ટીમરને ખબર આપો. "

સ્ટીમર ઉપર નાની એવી તોપ હતી. તે ભરેલી તૈયાર જ રાખવામાં આવતી હતી.

જ્હોન બંસ્બી તેને દિવાસળી ચાંપવાની તૈયારીમાં જ હતો. ત્યાં ફોગે કહ્યું: " પહેલાં વાવટો ફરકાવો. આપણે મુશ્કેલીમાં છીએ, એમ આપણા વાવટાથી જણાવવું જોઇએ. "

જાણે ફોગ જ કેપ્ટન હોય, તેમ જ્હોને તેના કહ્યા પ્રમાણે વાવટો ફરકાવ્યો.

ફોગે કહ્યું: " જામગરી ચાંપો. "

બે ક્ષણમાં તો દરિયા ઉપર આ નાની તોપ ફૂટવાનો અવાજ ગાજી ઊઠ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૨ મું

'કાર્નેટિક' સ્ટીમર ૭ મી નવેમ્બરે હોંગકોંગથી યોકોહામા તરફ ઊપડી. સ્ટીમર ઊપડવાની તૈયારી જ હતી, ત્યાં એક અરધા ગાંડા જેવો માણુસ શ્વાસભેર દોડતો દોડતો સ્ટીમરના ડેક પરના દાદરા ઉપર ચડી ગયો. ખલાસીઓ તો આવા દેખાવથી ટેવાયેલા હતા, એટલે તેમણે તો તે પડતા આખડતા માણુસને બાવડું પકડીને ઉપર ખેંચી લીધો. આ માણુસને આપણે ઓળખીએ છીએ. તે પાસ-પારટુટ હતો.

આપણે તેને પેલી હોટેલમાં છોડ્યો હતો. તેને ફિક્સે અફીણનું ઘેન આપ્યું હતું. તે ઘેન ઊતર્યા પછી તેણે જોયું કે સાંજ પડવા આવી છે, એટલે ત્યાંથી મુઠ્ઠીઓ વાળીને બંદર તરફ દોડ્યો. અને તે ઊપડતી સ્ટીમરમાં ચડી ગયો.

જ્યારે તે જરા હોશમાં આવ્યો ત્યારે તેણે વિચાર કર્યો કે હવે શેઠ મળશે ત્યારે મારે શું જવાબ દેવો ? તેણે બીતાં બીતાં શેઠની કેબીન ક્યાં છે, તેની તપાસ કરવા માંડી. પણ આ સ્ટીમર ઉપર ફોગ નામનો કોઇ ઉતારૂ હતો જ નહિ. વધારે ખાતરી કરવા માટે તેણે કેબીનના ઉતારૂઓની યાદી પણ તપાસી જોઇ. તે પહેલાં નવાઇ પામ્યો. પછી તેને પાછલી વાત યાદ આવી. ફિક્સ તેની નજર સામે તરવા લાગ્યો. "શેઠને સ્ટીમર વહેલી ઊપડવાના ખબર મેં આપ્યા જ નહિ. પેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુષ્ટે પણ જરૂર અફીણ જ આપેલું. હવે શું થશે? શેઠ જરૂર સ્ટીમર ચૂકી ગયા. હું હવે ક્યાં જાઉં? ખીસામાં પાઇ પણ છે નહિ. આ તો ઠીક છે કે મેં ટિકિટો આગળથી કઢાવી રાખી છે. એટલે યોકોહામા સુધી ખાવાની પંચાત નથી. પણ પછી? મારા શેઠ તો જરૂર અત્યારે પકડાઇ ગયા હશે. પેલો દુષ્ટ ફિક્સ કેવો રાજી થતો હશે? શું કરું?"

૧૩ મી નવેમ્બરે 'કાર્નેટિક' સ્ટીમર યોકોહામાના આરામાં પહોંચી. પાસ પારટુટ નિરાશ હૈયે આ વિચિત્ર ગણાતા દેશના કિનારા પર પહેલ વહેલો ઊતર્યો. તેના દિલમાં ઉત્સાહ જરા પણ ન હતો.

કિનારે ઊતર્યા પછી ક્યાં જવું? શું કરવું? તે મોટો સવાલ હતો. તેને થયું કે અહીંના ફ્રેંચ એલચી અથવા તો ઇંગ્લાંડના એલચીને મળીને મારી હકીકત જણાવું. પણ તેમાં પોતાના શેઠની વાત પણ આવી જાય. અને એમાં તો જોખમ હતું. એટલે તે વિચાર માંડી વાળ્યો. પેટને માટે કંઇક તૈયારી કરવી પડશે, એમાં તેને શંકા નહોતી. તે શહેરમાં ફરવા લાગ્યો. રંગબેરંગી માણસો બજારમાં ફરતા હતા. યુરોપિયનો પણ ત્યાં દેખાતા હતા. જાપાનીઓ પણ પોતપોતાના કામમાં મશગુલ બનેલા નજરે પડતા હતા. ફ્રેન્ચમેન કંઇ કોઇની પાસે ખાવાનું માગવા તો ઓછો જ જાય? લગભગ આખો દિવસ રખડ્યો. આખરે થાક્યો. ક્યાં જવું? કોની પાસે આશરો માગવો? એક રસ્તાની બાજુ ઉપર તે વિચાર કરતો બેઠો. ભૂખ અને થાકથી લોથ થઈ ગયેલું તેનું શરીર ક્યારે ઢળી પડ્યું તેની તેને ખબર ન પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાગ્યો ત્યારે સવાર થઈ ગયું હતું. થાક નહોતો, પણ તેના બદલામાં ભૂખ ઊપડી હતી. ખીસામાં ઘડિયાળ સિવાય એક પણ વેચી શકાય એવી વસ્તુ ન હતી. પણ ઘડિયાળ વેચતાં તેનો જીવ ન ચાલ્યો. આખરે પોતાનાં કપડાં વેચવાનો વિચાર તેણે કર્યો. એક જૂના કપડાં વેચનારની દુકાને તે ગયો. અને જાપાનીઝ, ફાટલાં કપડાં પહેરીને પોતાનાં કપડાં તેણે તેને આપ્યાં, અને બદલામાં થોડા પૈસા તેણે ખિસ્સામાં મૂકયા. તરત તે પેલા પૈસા લઈને એક હોટેલમાં પેઠો, અને આ બધા પૈસા તેણે ખાવામાં તેજ ઘડીએ ખલાસ કર્યા. પેટમાં ભાર થયો, પણ મગજનો ભાર કંઇક ઓછો થયો; તે બન્દરમાં ફરવા લાગ્યો. તેને મનમાં થયું કે લાવ બંદર ઉપર જઇને અમેરિકાની સ્ટીમરોમાં કયાંક રસોયાની નોકરી હોય તો તપાસ કરું. તે બંદર ઉપર ગયો. પણ તેના આ વિચિત્ર ફાટેલા પોશાકમાં તેને કોણ નોકર તરીકે રાખે? ત્યાંથી પાછો ફર્યો. રસ્તામાં એક મોટું પાટિયું તેણે જોયું; તેમાં લખ્યું હતું "છેલ્લો દિવસ, છેલ્લો દિવસ, પછી કંપની અમેરિકા ઊપડી જાય છે. લાંબા નાકનો ખેલ આજે પહેલી જ વાર ને છેલ્લી વાર ભજવી બતાવવામાં આવશે."

તે અંદર ઘૂસ્યો. તેણે તે કંપનીના માલિકને શોધી કાઢયો. તેની પાસે જઇને તે ઊભો રહ્યો.

"કેમ, શું કામ છે?" માલિકે પૂછ્યું.

"આપને એકાદ નોકરની જરૂર છે?" પાસ પારટુટે કહ્યું.

"નોકર! અરે ભલા માણસ! મારે આ બે નોકરો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બિચારા ખાવું પીવું જ માગે છે ને આખો દિવસ કામ આપે છે."

"તો પછી મને તમે રાખી શકો તેમ નથી, એમ ને?"

"ના."

"અરે ભગવાન! જો મને નોકરી મળી હોત તો બીજું કાંઇ નહિ પણ અમેરિકા સુધી તો તમારી સાથે પહોંચી જાત!" કહીને તે ચાલવા મંડયો.

"ઊભો રહે, ઊભો રહે!" માલિકે પાછો તેને બોલાવ્યો. "તું ફ્રેંચ છો કેમ?"

"હા પારિસનો વતની છું."

"નાટક કરતાં આવડે છે?"

"કર્યું નથી; પણ આવડે ખરું."

"ત્યારે જો, મારે એક વિદૂષકની જરૂર છે. જો ફ્રાંસમાં જાપાનીસ વિદૂષક કામ આવે તો જાપાનમાં ફ્રાંસના વિદૂષક જરૂર શોભે."

"હા, હા, જરૂર."

"આમ શરીરમાં તાકાત પણ ઠીક છે, નહિ?"

"હોવે. એમાંય ખાઇને ઊઠું ત્યારે ખાસ વધારે."

"અને તને ગાતા પણ આવડતું હશે?"

"હા."

"પણ આજના ખેલમાં કદાચ ઊંધે માથે થાવાનું આવશે. ફાવશે ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" બધું ય ફાવશે. "

પાસ પારટુટને થોડીક નિરાંત થઇ. અમેરિકા સુધી તો વાંધો નહિ આવે.

× × ×

ખેલનો વખત થયો. થિયેટરમાં માણુસો ચિકાર ભરાઈ ગયાં. એક પછી એક કાર્યક્રમો થવા લાગ્યા. લોકો ' લાંબા નાક ' નો ખેલ જોવા માટે ખૂબ આતુર હતા. એટલે એ કાર્યક્રમ સૌથી છેલ્લો રાખવામાં આવ્યો હતો.

આખરે તેનો પણ વખત થયો. રંગભૂમિ ઉપર વિચિત્ર પ્રકારના પોષાકો પહેરેલા માણુસો દેખાયા. સૌથી નવાઇ તો એ હતી કે દરેકને પાંચથી દસ ફૂટ લાંબું નાક હતું. અલબત્ત તે વાંસનું હતું, એમ ચોખ્ખું દેખાઇ આવતું હતું, છતાં તેનાથી દેખાવ બહુ જ હાસ્ય ઉપજાવે એવો થતો હતો. કોઇનું નાક સીધું, તો કોઇનું શીંગડાની જેમ વાંકવાળું, તો કોઇનું ચિત્રામણ કરેલું હતું. દરેક જણ જાતજાતના અંગકસરતના ખેલો કરતો હતો. કોઇ કમાન વળે, તો કોઇ ઊંધે માથે થાય. એક જણના નાક ઉપરથી બીજો જણ ટપી જાય, આવું બધું ખૂબ ચાલ્યું. છેવટે ' પીરામીડ 'નો પ્રયોગ આવ્યો. દરેક લાંબા નાકવાળા ' પીરામીડ ' ના આકારમાં ગોઠવાઇ ગયા. બધા એક બીજાના ખભા ઉપર ઊભા રહેવાને બદલે નાક ઉપર ઊભા રહ્યા હતા, એ આ પીરામીડની ખાસિયત હતી. સૌથી નીચે પાસ–પારટુટને રાખવામાં આવ્યો હતો.

પીરામીડ બરાબર ગોઠવાઈ ગયો. થિયેટર તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠયું. એકાએક આખો પીરામીડ હલી ઊઠયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને કડકડ ભૂસ બધા નીચે પડ્યા. સ્ટેજ ઉપરથી એક માણસ પોતાના દસ ફૂટ લાંબા નાક સહિત દોડ્યો, અને પ્રેક્ષકોને એસવાની ગૅલેરી પર 'એ રહ્યા, એ રહ્યા શેઠ' કરતો તે ઘૂસી ગયો.

તે પાસ-પારટુટ હતો.

"કોણ, તું ?"

"હા, હું જ છું."

"તો હવે, વાર શું કામ કરે છે? સ્ટીમર ઉપર પહોંચી જઇએ."

"ફોગ અને પાસ-પારટુટ થિયેટરમાંથી બહાર નીકળ્યા. દરવાજામાં જ કંપનીનો માલિક ધૂંઆફૂંઆ થતો ઊભો હતો. ફોગના ખીસ્સામાંથી નોટોનો એક થોકડો એના હાથમાં પડ્યો અને તે શાન્ત થઇ ગયો.

૬ાા વાગે સ્ટીમર ઊપડવાને વખતે તે બન્ને અમેરિકાની મેઇલ સ્ટીમર ઉપર પહોંચી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૩ મું

શેઠ ને નોકર આવી વિચિત્ર રીતે પાછા એકઠા થઇ ગયા. કોણ જાણે કયાંથી પણ ફોગને તે સર્કસમાં જ જવાનું સૂઝી આવ્યું. પાસ–પારટુટની વિચિત્રતા ફોગ બરાબર જાણી જ ગયો હોવો જોઇએ. ફોગ પોતે પણ કયાં ઓછો વિચિત્ર હતો? 'ટાંકાડેરે' વહાણ ઉપરથી તે સીધો શાંગહાઈથી યોકોહામા તરફ ઊપડેલી સ્ટીમરમાં ચડી ગયો. યોકોહામા આવીને તરત જ બંદર ઉપર તપાસ કરી. હોંગકોંગથી આવેલી સ્ટીમરમાં પાસ-પારટુટ નામનો એક ઉતારૂ અહીં સુધી આવ્યો છે, તેમ તેને બાતમી મળી. તરત જ તે પાસ–પારટુટની સ્થિતિ કેવી થઈ હશે, તે સમજી ગયો. અને સર્કસમાં તે પાસ–પારટુટની શોધમાં ગયો. જો પાસ–પારટુટની નજર ન પડી હોત તો ફોગ તેને શોધી શકત જ નહિ. કારણ કે તેના લાંબા નાકવાળા પોષાકથી તે સાવ વિચિત્ર જ બની ગયો હતો.

પણ બધું પતી ગયું. વખતસર તેઓ સાનફ્રાંસિસ્કો તરફ ઊપડતી 'જનરલ ગ્રાંટ' નામની મોટી સ્ટીમરમાં બેસી ગયા. સ્ટીમર પાસિફિકના શાન્ત પાણી કાપતી અમેરિકાના બીજા કિનારા તરફ ધસી રહી હતી.

ફિકસનું શું થયું? તે કયાં હશે? તે આ સ્ટીમર ઉપર જ હતો. યોકોહામા પહોંચીને તે ફોગથી જુદો પડયો. ત્યાંના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રિટિશ સરકારના એલચીની ઑફિસે ગયો. ત્યાં ઈંગ્લાંડથી મંગાવેલું વોરંટ આવી ગયું હતું. પણ હવે શા કામનું? હવે તો ઈંગ્લાંડની સરકારની હદ હોય એવું એક પણ સંસ્થાન આવે ત્યાં જ તેનો ઉપયોગ થઈ શકે. ફોગ અમેરિકા જવાનો એ તો ચોક્કસ. તરત જ તેણે નિશ્ચય કરી નાખ્યો. 'જનરલ ગ્રાંટ' સ્ટીમરમાં તેણે પોતાની જગ્યાની ગોઠવણ કરી નાખી.

સ્ટીમર ઊપડયાંને બેત્રણ દિવસ થયા હશે. પાસ-પારટુટ ડેક ઉપર ટહેલી રહ્યો હતો. ત્યાં તેની નજર ફિક્સ ઉપર પડી. તે શિકારીની જેમ તેની પાસે પહોંચી ગયો, અને ફિક્સ કાંઇ બોલે, અથવા તો પાસ-પારટુટ પોતે કાંઇ જુએ, તે પહેલાં આસપાસ ફરતા લોકોના દેખતાં એક તમાચો તેણે ફિક્સના મોઢા પર જોરથી લગાવી દીધો. ફિક્સ તરફથી તેવા જ જવાબની રાહ જોતો તે ઊભો. પણ ફિક્સ તો નિરાંતે ઊભો હતો!

"કેમ, હવે એથી કાંઇ વધારે કરવાનો વિચાર છે?"

પાસ-પારટુટનો જુસ્સો જરા નરમ પડી ગયો. "ના. હાલ આટલું બસ છે. પછી જોઇ લઇશું."

"તો પછી મારે તમારું એક કામ છે!"

"હજુ મારું કામ?"

"હા, અને તે તમારા શેઠના લાભની વાત છે."

પાસ–પારટુટ ફિક્સના આ અણધાર્યા વર્તનથી જરા પાછો પડી ગયો. તેઓ બન્ને એક ખૂણા પર ગયા.

"તમે મને ઠીક ચખાડી. મેં ધાર્યું જ હતું. પણ હવે તો મારી વાત સાંભળો. અત્યાર સુધી તમારા શેઠની આડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુશ્કેલીઓ ઊભી કરવાનું કામ હું કરતો હતો; હવે હું તમારા શેઠની મુસાફરી કેમ ઝડપથી પૂરી થાય, તે માટે તેમને મદદ કરવાનો."

'એમ, ત્યારે તો મારા શેઠ શાહુકાર છે, એમ આખરે ખાતરી થઇ ને ?"

"ના, ના, તમારા શેઠ ચોર છે, એ વિષે તો મને શંકા છે જ નહિ. જ્યાં સુધી મિ. ફોગ બ્રિટિશ સામ્રાજ્યની હદમાં હતા, ત્યાં સુધી તેને અટકાવવા માટે જ મેં પ્રયત્નો કર્યા હતા. કલકત્તામાં તમારા પર કેસ ચાલ્યો, તે મારું કામ હતું. હોંગકોંગમાં પણ તમને જુદા પાડવાનું કારણ આ જ હતું. પણ હવે ફોગ ઇંગ્લાંડ તરફ પાછા જાય છે, એમાં મને શંકા નથી. એટલે હવે તો જેમ બને તેમ તે વહેલા ઇંગ્લાંડ પહોંચે એમાં મારે લાભ છે."

આટલી સ્પષ્ટ રીતે ફિક્સે પોતાની વાત પાસ-પારટુટ પાસે મૂકી, તે જોઇને તે નવાઇ પામ્યો.

"તો બસ, હવે આપણે મિત્રો ને ?" ફીક્સે કહ્યું.

"ના મિત્રો નહિ; સાથીદાર ખરા. પણ એમાંય મને કાવતરાની ગંધ આવી તો પછી હું શું કરીશ, તે કહેવાય નહિ."

"કબૂલ."

૩ જી ડિસેમ્બરે 'જનરલ ગ્રાંટ' સાનફ્રાંસિસ્કોના 'સોનેરી દરવાજા'માં દાખલ થઇ. પાસ-પારટુટના આનંદનો પાર ન હતો. ફોગે નક્કી કરેલા દિવસે જ તેઓ અમેરિકાને આ કિનારે ઊતર્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફોગે નીચે ઊતરીને પહેલાં તો ન્યૂયૉર્ક તરફ ઊપડતી ગાડીના વખતની તપાસ કરી લીધી. તે ગાડી ઊપડવાને હજુ બાર કલાકની વાર હતી. બંદરેથી તેઓ સીધા એક મોટી હોટેલમાં ગયા. ઘણા વખતે પાછું તેમને આવું મોટું શહેર જોવા મળ્યું. પાસ–પારટુટને લાગ્યું કે પોતે ઇંગ્લાંડમાં જ પાછો આવી ગયો છે.

હોટેલમાં સામાન રાખીને તેઓ થોડો વખત શહેર જોવા માટે નીકળ્યા. રસ્તામાં એક જગ્યાએ તેઓએ મોટો કોલાહલ સાંભળ્યો. થોડીવારે તેઓની નજરે એક મોટી માનવમેદની પડી. હૈયેહૈયું દળાય એવી ભીડમાં કાન પડ્યું સંભળાય નહિ એટલો અવાજ થઈ રહ્યો હતો. ફોગને કાંઇ સમજાયું નહિ કે આ શું છે. કોઈ કોઈ વાર "કેમરફિલ્ડની જે ! મોડીબોયની જે" એવા પોકારો થતા હતા. કાંઇક રાજકીય બાબતની ધમાલ હોવી જોઇએ.

આ ધમાલમાં આપણે ભળી ન જઇએ અને નિરાંતે જોઈ શકીએ, એમ માનીને ફોગ તથા પાસ–પારટુટ એક દુકાનના પગથિયા પાસે ઊભા રહ્યા.

ધીમે ધીમે બૂમો વધવા લાગી. 'મારો, મારો' ના પોકારો સંભળાવા લાગ્યા. લોકો વિખેરાવા લાગ્યા. હવામાં દંડાઓ ઊછળતા દેખાવા લાગ્યા. એકાએક એક મોટું ટોળું તે દુકાન પાસે થઇને દંડા ઉછાળતું નીકળ્યું. ફોગ અને પાસ–પારટુટ ત્યાંથી ભાગવાનો વિચાર કરે એ પહેલાં તો ત્યાં ભીડ થઈ ગઈ. લાકડીઓ ઊછળી રહી હતી. એ ટોળામાં એક જાડો આગેવાન જેવો લાગતો માણસ "મોડીબોયની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીત છે" એમ બૂમો પાડતો હતો; એકાએક ફોગ ઉપર તે જાડા માણસે દંડો ઉગામ્યો, અને તેના માથા પર પડે તે પહેલાં ફોગને દૂર ખસેડીને એક માણસે તે દંડો પોતાના માથા પર ઝીલી લીધો. ફોગે જોયું તો તે માણસ બીજો કોઈ નહિ પણ ફિક્સ હતો.

"હરામખોર!" ફોગે પેલા જાડા માણસ તરફ ફરીને કહ્યું.

"ઈંગ્લાંડના ઢોર," પેલાએ સામો જવાબ આપ્યો.

"ઠીક, આપણે પાછા મળીશું!"

"ખુશીથી. ગમે ત્યારે તૈયાર છું."

"નામ શું? મારું નામ ફિલિયસ ફોગ."

"મારું નામ, કર્નલ સ્ટેમ્પ પ્રોક્ટર!"

ટોળું ત્યાંથી પસાર થઈ ગયું. હવે ફોગની નજર ફિક્સ પર પડી. પેલા દંડાનો ઘા તેના ટોપા પર પડ્યો હોવાથી તેનું માથું બચી ગયું હતુ, પણ ટોપો ચપટો થઈ ગયો હતો.

"બહુ ઉપકાર થયો!" ફોગે કહ્યું. "તમે અહીં ક્યાંથી?"

"એ હું નિરાંતે કહીશ. અત્યારે તો ચાલો."

"ક્યાં?"

"દરજીની દુકાને."

ફોગે પોતાના પોષાક સામે જોયું. આ તોફાનમાં તેને ખબર ન પડી કે પોતાના કપડાંની આવી ચીંથરેહાલ દશા થઈ ગઇ છે. તેઓ સીધા દરજીની દુકાને ગયા. નવો પોષાક ત્યાંથી લઈ લીધો. ગાડીનો વખત થવા આવ્યો હતો. તેઓ ત્યાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોટેલમાં ગયા, અને પોતાનો સામાન લઈને સ્ટેશન પર પહોંચી ગયા. સ્ટેશનમાં સામાન ઉપાડનાર કુલીને ફોગે સહેજ પૂછી જોયું: "આજે શહેરમાં શેની ધમાલ હતી?"

"ચૂંટણીની."

"કોની ચૂંટણીની? ગવર્નરની?"

"ના, ના, ન્યાયાધીશની."

ગાડી ઊપડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૪ મું

અમેરિકાનાં સંયુક્ત રાજ્યોને વચ્ચેથી ચીરીને જતી આ રેલ્વે દુનિયાની મોટામાં મોટી રેલ્વેઓમાંની એક ગણાય છે. સાનફ્રાંસિસ્કોથી ઠેઠ ન્યૂયોર્ક સુધીનો રસ્તો, આ રેલ્વેને રસ્તે સાત દિવસમાં પૂરો થઇ જાય છે. વચ્ચે મોટાં મોટાં રાજ્યો આવે છે. મોટાં ભયંકર જંગલો પણ આવે છે, અને હજુ તે જંગલોમાં રહેતા જંગલીઓનો ઉપદ્રવ કોઇ કોઇ વાર ગાડીના ઉતારુઓને સહન કરવો પડે છે. *

ગાડી સાંજના છ વાગે ઊપડી. થોડી વારમાં તો અંધારૂં થઇ ગયું. રાત પડી એટલે ઉતારુઓની બેઠકોને જ પથારીના રૂપમાં ફેરવી નાખવામાં આવી. રાતના ભાગમાં ગાડી કેલીફોર્નિયાના રાજ્યની હદને વટાવી ગઈ. સવારના સાત વાગ્યા ત્યારે 'સીસ્કો' શહેર નજરે પડ્યું. પથારીઓ પાછી બેઠકોની રૂપમાં ફેરવાઈ ગઇ. નવ વાગ્યા ત્યારે 'નવેડા' રાજ્યની હદ શરૂ થઇ. 'હિનો' સ્ટેશને ગાડી લગભગ વીસ મિનિટ થંભી. ઉતારુઓએ ત્યાંની વીશીમાં જમી લીધું. અહીંથી ગાડી ઊપડ્યા પછી સૃષ્ટિસૌંદર્ય પૂર બહારમાં ખીલેલું નજરે પડવા લાગ્યું.

---

* આ વાર્તા લખાઇ તે કાળને (એટલે કે ઇ. સ. ૧૮૬૦) આ હકીકત લાગુ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇ કોઇ જગ્યાએ જંગલી પાડાઓનાં જૂથનાં જૂથ નજરે પડતાં હતાં.

લગભગ ત્રણ વાગે ગાડી એક જગ્યાએ અંતરિયાળ અટકી. ઉતારુઓએ જોયું તો જંગલી પાડાંઓનું મોટું જૂથ રેલ્વેની સડકની એક બાજુ પરથી બીજી બાજુ પર વહી રહ્યું હતું. ટોળું એટલું ગીચ હતું કે તેની વચ્ચેથી ગાડી લઇ જવી એ બની શકે તેમ જ નહોતું. અને એંજિનની વ્હીસલની અસર આ પ્રાણીઓ ઉપર થાય તેમ જ નહોતું. તેઓ તો નિરાંતે સડક ઉપર થઈ ને ચાલ્યાં જતાં હતાં. પાડાઓ ખરે-ખર કદાવર હતા. મોટી કેશવાળી તેમના ખભાપર લટકતી હતી. તેમના વાંકડા શીંગડાની વચ્ચેનું મોટું માથું, અને તેમાં જડી હોય તેવી ઝીણી આંખો વિકરાળ લાગતાં હતાં. કોઇની તાકાત નહોતી કે તે પ્રવાહને વચ્ચે પડીને અટકાવી શકે. ઉતારુઓ બારીએથી કેડ સુધી ડોકાઇને આ દેખાવ જોઈ રહ્યાં હતાં. પાસ–પારટુટના ક્રોધનો પાર ન હતો. "આ કેવો વિચિત્ર દેશ! આ ઢોરો આખી ગાડી અટકાવી દે, તો ય બધા જોઈ રહે! એકાદ ઢોર કચરાઇ ગયું તોય શું? ડ્રાઈવર સાવ બીકણુ લાગે છે."

ડ્રાઈવરે ગાડી ઊભી રાખવામાં ખરેખર ડહાપણુ જ વાપર્યું હતું. તેણે ગાડી હાંકી હોત તો બે ત્રણ પાડા તો જરૂર કચરાઇ જાત, અને બીજું કાંઇ નહિ તો તે પાડા મરતાં મરતાં પણુ ગાડીનો રસ્તો રૂંધી નાખત. અને ગાડી ઊલટી વધારે મોડી થાત. એટલે ધીરજ રાખીને ગાડીને ઊભી રાખવી એ જ યોગ્ય હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરા ત્રણ કલાકે એ જંગલી પ્રાણીઓનો પ્રવાહ બંધ થયો અને ગાડી આગળ ચાલી. રાતના આઠ વાગે હંબોલ્ટની પર્વતમાળા પડખે થઇને ગાડી પસાર થઈ અને રાતના ૯ાા વાગે 'ઉટાહ' પ્રદેશની હદમાં દાખલ થઈ.

બીજે દિવસે સવારે ૯ વાગ્યા. પાસ–પારટુટ પોતાના ડબ્બામાંથી ઊતરીને એક સ્ટેશન પર આંટા મારતો હતો. ત્યાં તેની નજરે એક વિચિત્ર માણસ પડ્યો. તે ઊંચો સુકલકડી હતો. તે ગાડીના એકેએક ડબ્બા ઉપર ચોપાનિયા જેવું ચોડી રહ્યો હતો. તેમાં લખ્યું હતું "વિલિયમ હિચ, મોર્મન મિશનના વડા અત્યારે 'મોર્મનીઝમ' ઉપર ૧૧૭ નંબરના ડબ્બામાં ભાષણ આપશે. જેને જિજ્ઞાસા હોય તેને આમંત્રણ છે.

"આપણે તો જવું જ છે." પાસ–પારટુટે નક્કી કર્યું.

ગાડી ઊપડ્યા પછી પાસ–પારટુટ તે નંબરના ડબ્બામાં આગલી જગ્યાએ જઇને બેસી ગયો. વિલિયમ હિચે પોતાનું ભાષણ શરૂ કર્યું: "હું તમને ખાતરીથી કહું છું કે સ્મિથ એ મહાન શહીદ થઈ ગયો. તેનો ભાઈ પણ શહીદ થઇ ગયો. તેનો ભાઈ પણ શહીદ હતો. બોલો તમારામાંથી કોઈ તેની ના પાડી શકે તેમ છે?"

પછી તે ઊખડ્યો. મોર્મન લોકો ઉપર સરકાર કેવા ભયંકર જુલમો ગુજારે છે, તેનું તે શ્રોતાઓને ભાન કરાવવા લાગ્યો. લોકો એ વર્ણનથી જ એટલા બધા ત્રાસી ગયા કે એક પછી એક ઊઠીને ચાલવા માંડ્યા. ઘણી વારે પાસ–પારટુટને ખબર પડી કે પોતે તે ડબ્બામાં શ્રોતાઓમાં એકલો છે. વ્યાખ્યાન કરનારને એથી પણ મોડી ખબર પડી કે સાંભળનાર એક જ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જણુ છે. તેને આ રસિક અને જિજ્ઞાસુ શ્રોતા પ્રત્યે માન ઊપજ્યું: "કેમ, તમે અમારા સંપ્રદાયમાં ભળશો કે?"

"ના" કહીને પાસ-પારટુટ પણ પોતાને રસ્તે પડ્યો.

થોડી વારે ગાડી અમેરિકામાં મોટા 'ખારા સરોવર'ના વાયવ્ય ખૂણા પર આવી પહોંચી. આ સરોવર ૭૦ માઇલ લાંબુ અને ૩૫ માઇલ પહોળું છે. અને સમુદ્રની સપાટીથી લગભગ ૩ માઇલ ઊંચું છે. તે સરોવરનું પાણી ખૂબ ખારૂં છે. તેનું ઘટત્વ ૧૧૭૦' છે. માછલું તેમાં જીવી શકતું જ નથી.

ગાડી 'ઓડગન' સ્ટેશને ઊભી રહી. અહીં ગાડી અટકતી હતી. અને બીજી ગાડી ૪ કલાક પછી ઊપડતી હતી. મોર્મન પંથના દેવળોનું આ 'ઓડગન' એ મોટું મથક છે. ફોગ, ફિક્સ તથા પાસ-પારટુટ આ શહેર જોવા માટે નીકળ્યા. મોટાં ચોરસ દેવળોથી આ શહેર ભર્યું હતું.

શહેર જોઇને પાછા ગાડી ઊપડવાને વખતે બધા સ્ટેશને આવી પહોંચ્યા.

સાનફ્રાંસિસ્કોથી અત્યાર સુધીમાં લગભગ ૯૦૦ માઇલ કપાયા હતા. હવેનો માર્ગ વધારે વિકટ હતો. અહીં આગળ રેલવે લાઇન બાંધતાં સરકારને એક માઇલે ૪૮,૦૦૦ ડોલર ખર્ચ થયો હતો, એમ કહેવાય છે. મોટા મોટા ડુંગરોમાં થઇને મોટી 'ટનલો' ખોદી કાઢવામાં આવી છે.

૭ મી ડિસેમ્બરે ગાડી 'ગ્રીન રીવર' પાસે આવી પહોંચી. અહીં ગાડી થોડીવાર ઊભી રહી. પાસ-પારટુટ સ્ટેશન ઉપર ફરતો હતો, ત્યાં તેની નજરે એકાએક પેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કર્નલ પ્રોકટર' પડયો. સાનફ્રાંસિસ્કોમાં તેને અને ફોગને જે તકરાર થઇ હતી, તે તેને યાદ આવી; જો ફોગ અને આ કર્નલ પ્રોકટર એ બન્ને અહીં ભેગા થઈ ગયા, તો તે બન્નેએ સાન્ફ્રાંસિસ્કોમાં અરસ્પરસ યુદ્ધ માટે જે આમંત્રણ કર્યું હતું, તેનો અમલ અહીંજ થાય એવો સંભવ હતો. અત્યાર સુધી એ માણસ ગાડીમાં હોવા છતાં કેમ ન દેખાયો, એ એક નવાઇ હતી. પણ હવે એ બન્ને જણ ભેગા ન થાય તે માટે શું કરવું તેની ચિંતા પાસ-પારટુટને થવા લાગી. સદ્ભાગ્યે તે વખતે તો ફોગ ઊંઘતો હતો. પણ જાગ્યા પછી તેનો અને પેલા કર્નલનો ભેટો ન થાય તે માટે આગળથી વિચાર તો કરી રાખવો જ જોઇએ. તેણે આ વાત ફિકસને કરી. ફિકસ પણ તે બન્ને ભેગા ન થાય તે માટે એટલો જ ચિંતાતુર હતો. કારણ કે જો ફોગ ને કર્નલ ભેગા થાય તો લડાઇ થયા વગર રહે જ નહિ. અને લડાઇ થઇ તો પરિણામ હાર કે જીતમાં ગમે તેમાં આવે, પણ તેઓ મોડા તો થાય જ એ વાતની તો ખાતરી જ હતી. મોડું થાય એ ફિકસને કે પાસ-પારટુટને બેમાંથી કોઈ ને પોસાય તેમ ન હતું.

ફોગ જાગ્યો. ત્યારે આગળથી નક્કી કર્યા પ્રમાણે ફિકસે તથા પાસ-પારટુટે તેને ગંજીપાની રમતે ચડાવી દીધો. ગંજીપાનો તો ફોગને ખૂબ જ શોખ હતો.

ગાડી તો પવનવેગે વહી રહી હતી. દરિયાની સપાટીથી સાડાસાત હજાર ફીટની ઊંચાઇએ આવેલા બ્રીજર ઘાટમાંથી પસાર.થઇને વિશાળ મેદાનવાળી ભૂમિ પર ગાડી ચાલવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી. ગાડી બહુ જ નિયમિતપણે પોતાનું કામ કરતી હતી. અને ટોળી ગંજીપાનું કામ પણ એટલી જ નિયમિતતાથી કરતી હતી. ખાવા અને ઊંઘવા સિવાયનો બધો વખત આમાં જ જતો હતો.

ત્યાં એકાએક ગાડી વ્હીસલ મારીને અટકી પડી. પાસ–પારટુટે બારીમાંથી ડોકું કાઢીને જોયું તો કાંઈ કારણ ન દેખાયું બીજા ઉતારુઓ પોતાના ડબ્બામાંથી નીચે ઊતરીને જોવા લાગ્યા. તે ઉતારુઓમાં પેલો કર્નલ પણ હતો. સદ્ભાગ્યે ફોગે ગાડીની બારીમાંથી ડોકિયું ન કર્યું. ફક્ત નોકરને જ તપાસ કરવાનો હુકમ કર્યો.

નીચે ઊતરીને પાસ–પારટુટે જોયું તો એંજિન ડ્રાઈવર, ગાર્ડ અને સાંધાવાળો જોરથી વાતો કરી રહ્યા હતા. ઉતારુઓનું ટોળું તેની આસપાસ વીંટાયું હતું.

સાંધાવાળો બોલતો હતો: "પૂલ નબળો છે, એટલે ગાડી એના ઉપર ચાલી નહિ શકે."

"ત્યારે અમારે અહીં જ ખોડાઈ રહેવું. એમ ને?" ઉતારુમાંથી અવાજ આવ્યો. તે અવાજ પેલા કર્નલનો જ હતો.

'ના સામેના સ્ટેશનેથી ગાડી મોકલવા માટે તાર કર્યો છે. ચારપાંચ કલાકમાં તો ગાડી આવી પહોંચશે."

"પાંચ કલાક?" ઉતારુઓમાં ગણગણાટ શરૂ થઈ ગયો.

"પણ એક ઉપાય છે" એંજિન ડ્રાઈવરે ગાર્ડને કહ્યું.

'શો?"

"આપણે આ ગાડીને પૂલ ઉપર થઇને લઇ જવી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ કઈ રીતે ? પૂલ તો ખખડી ગયેલો છે, એટલા માટે તો આ બધી હોળી જાગી છે."

"હા, એ હું જાણું છું. પણ આપણે એમ કરીએ કે આ ગાડીને એકાદ માઇલ પાછી લઈ જઇએ. ને પછી પૂરેપૂરી ઝડપમાં તેને મૂકી દેવી. કદાચ એ વેગના જોરમાં તે સહીસલામત પૂલને ઓળંગી પણ જાય."

'બાપ રે !" પાસ-પારટુટની આંખો જ ફાટી ગઇ:

પણ આ સૂચનાને વધાવી લેનાર ઉતારુઓ પણ નીકળ્યા ખરા. કર્નલ પ્રોક્ટરે તો આ યોજનાને પૂરેપૂરી વધાવી લીધી. તેણે તો ત્યાં સુધીની વાત કરી કે "મેં તો એવા ડ્રાઇવરો પણ જોયા છે કે વચ્ચે પૂલ જ ન હોય છતાં ગાડીને ખૂબ જોરમાં હાંકીને નદીને એક છેડેથી બીજા છેડા સુધી સહીસલામત લઇ જતા." આ વાત માનનારા પણ નીકળ્યા ! પણ પાસ-પારટુટે આ યોજનાનો વિરોધ કર્યો.

"મને આમાં જોખમ જેવું લાગે છે."

"કોણ કહે છે જોખમ જેવું ?" કર્નલ ઊઠ્યો. "એંજિનનો ડ્રાઈવર કહે છે એ સાંભળતો નથી ? તે કહે છે કે ગાડી સહીસલામત પસાર થઈ શકશે."

"હા, પણ, બીજો ડહાપણ ભરેલો-"

"હવે ડહાપણવાળા, બેસી રહે. ચાલો ડ્રાઈવર સાહેબ, તમે તમારે હાંકો."

"હાંકો, હાંકો" ઉતારુઓમાંથી બૂમો પડી, ને બધાં ગાડીમાં ચડી બેઠા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફ્રોગ ડબ્બામાં એકલો એકલો ગંજીપાનાં પાનાં ગોઠવતો હતો. ગાડી પાછી ચાલી. લગભગ એક માઇલ પાછી હઠી. અને ત્યાંથી ગાડીએ પાછી પોતાની ગતિ પૂલ તરફ કરી વેગ એકદમ વધારી મૂક્યો. ઉતારુઓએ નહિ ધારેલી એટલી ઝડપે ગાડી ઊડતી હતી. કલાકના એંસી માઇલની ઝડપ હતી. પૂલ આવ્યો. વીજળીના ચમકારાની જેમ પસાર થઇ ગયો. ગાડી પૂલ પરના પાટાને જાણે અડી જ નહિ. પૂલના એક છેડાથી બીજા છેડા પર ગાડીએ જાણે કૂદકો જ માર્યો. કોઇ પણ ઉતારુએ પૂલ જોયો જ નહિ. પૂલ પછી કેટલેય દૂર આવેલું સ્ટેશન પણ પસાર થઇ ગયું, ત્યાં સુધી એ વેગ અટકાવી શકાય એમ નહોતો.

પૂલ ઉપરથી ગાડી પસાર થઇ ગયા પછી આખો પૂલ કડડડ ભૂસ કરતો દેવદારના માળિયાની જેમ તૂટી પડ્યો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૫ મું

પાસ-પારટુટ તો અમેરિકન લોકોની આ મૂર્ખાઇ જોઇ ને તાજુબ થઇ ગયો. પણ તેના આનંદનો પાર નહોતો. પૂલ તો શું પણ આખી રેલવેની લાઇન ઊખડી જાય, તો પણ પોતાના શેઠ વખતસર ન્યુયોર્ક પહોંચતા હોય તો તેને એ સિવાય બીજું કંઇ જોઇતું ન હતું.

પણ બીજે દિવસે પાસ-પારટુટનો આનંદ ઊડી ગયો—કહો કે જીવ જ ઊડી ગયો. ડબ્બામાં કોણ જાણે ક્યારે પેલો કર્નલ ચડી ગયો હતો. કર્નલ ખૂબ બૂમો પાડી પાડીને વાત કરતો હતો. ફોગને રમતમાં ખલેલ પડવા માંડી. તેણે ઊંચે જોયું, અને કર્નલની ને ફોગની 'મળી દૃષ્ટોદૃષ્ટ.'

"તું અહીંયાં ?"

"તું અહીંયાં."

બન્ને જણ લગભગ સાથે બોલી ઊઠયા. ફિક્સને પણ થયું કે હવે બાજી બગડવા માંડી.

"ઠીક થયું તું ભેટી ગયો, જ્હોન બુલના દીકરા."

ફોગ ઊભો થયો. પાસ-પારટૂટ ને ફિક્સ આડા ફરવા લાગ્યા, પણ ફોગે તેમને હાથને ઇશારે બાજુ પર ખસેડી દીધા.

"હા, જી, હું અત્યારે ઉતાવળમાં છું, નહિ તો સાનફ્રાં-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિસ્કોમાં જ તને ભેટી લીધું હોત. મેં તને વચન તો આપ્યું જ છે; એટલે ઈંગ્લાંડ સુધીની મુસાફરી પૂરી કર્યા પછી, તને પાછો અહીં મળવા તો આવવાનો છું."

"એમ કે?" પેલો કર્નલ હસી પડ્યો.

"છ મહિના પછી મારી રાહ જોજે."

"છ મહિના કે છ વરસ?"

"મેં છ મહિના કહ્યા તે સાંભળ્યું ને?

"જા, જા, હવે જેને પતાવી દેવું હોય એ આમ મુદત ન નાખે."

"ઠીક ભલે, ત્યારે તું ન્યુયૉર્ક સુધી સાથે છે?"

"ના."

"શિકાગો સુધી?"

"ના."

"ઓમાહા સુધી?"

"એમ તેમ રહેવા દે. જો ચાળા ન કરવા હોય ને લડવું હોય તો હમણાં એક સ્ટેશન આવશે, ત્યાં ઘણો વખત મળશે."

"ભલે, હું તે સ્ટેશને ઊતરી જઈશ."

"હા, અને મને લાગે છે કે કાયમને માટે પછી ત્યાં જ રોકાઇ જશો, કેમ?" તે પાછો હસ્યો.

"તે તો કોણુ જાણે!" કહીને ફોગ પાછો પોતાની જગ્યાએ આવીને બેઠો. પાસ–પારટુટ ક્રોધ અને ભયથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધ્રૂજતો હતો. ફોગને તેના નિર્ણયમાંથી ફેરવવો એ સહેલી વાત નહોતી.

અગિયાર વાગે સ્ટેશન આવ્યું. ફોગ નીચે ઊતર્યો. પાછળ હાથમાં રિવોલ્વર લઈને પાસ–પારટુટ પણ ઊતર્યો. ડબ્બાને બીજે બારણેથી પેલો કર્નલ પણ ઊતર્યો. તેની પાછળ પણ હાથમાં રિવોલ્વર લીધેલો એક અમેરિકન હતો.

ત્યાં તો ગાર્ડની વ્હીસલ થઇ ને અંજિને પણ સીટી મારી. ગાર્ડે બૂમ મારી: "ઉતારુઓ, ચડી જાઓ. ગાડી ઊપડે છે."

"કેમ ?"

"ગાડી મોડી છે, એટલે અહીં થોભશે નહિ."

"પણ મારે આની સાથે અત્યારે લડવાનું નક્કી થયું છે." કર્નલે કહ્યું.

"પણ હું શું કરું ? હું બહુ જ દિલગીર છું. ચલો આ ગાડી ઊપડી."

ગાડી ઊપડી. ગાર્ડે ચાલતી ગાડીએ બારીમાં ઊભા ઊભા કહ્યું: "તમને નિરાશ કરવા માટે દિલગીર છું. પણ તમારે જો લડવાનું જ હોય તો આ ચાલતી ગાડીએ ડબ્બામાં થઈ શકશે. ઉતારુઓ તમને જગ્યા આપશે."

"પણ, તે આ ઈંગ્લાંડવાળા ભાઈને નહિ ફાવે."

"ના, મને તો બધું ફાવશે." ફોગે શાંતિથી કહ્યું.

ગાર્ડનો છેલ્લો ડબ્બો આને માટે પસંદ કરવામાં આવ્યો. ઉતારુઓને આ બાબતમાં એટલો રસ પડયો કે તેમણે આખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પચાસ ફૂટ લાંબો ડબ્બો ખાલી કરી આપ્યો. આખા ડબ્બામાં હાથમાં રિવોલ્વર લઈ ને એક અમેરિકન અને એક અંગ્રેજ ઊભા હતા.

પડખેના ડબ્બામાં બધા રિવોલ્વરના ધડાકાની રાહ જોતા બેઠા હતા. ફિક્સ અને પાસ–પારટુટનાં કાળજાં ગાડીની ગતિની જેમ જ ધડક ધડક થઇ રહ્યાં હતાં. ફિક્સના દિલમાં ફોગ પ્રત્યે અત્યારે તો ખરેખરી સહાનુભૂતિ થઈ ગઇ હતી. તે ગમે તેવો તોય બહાદુરનો બેટો છે, એમાં તો શંકા ન રહી. એક, દો, તીનની રાહ જોવાતી હતી, ત્યાં એકાએક ગાડીની બહાર ભયંકર કિકિયારીઓ સંભળાવા માંડી અને બંદૂકના ધડાકા થવા લાગ્યા. આખી ગાડીમાં એક ક્ષણમાં હાહાકાર મચી રહ્યો. રિવોલ્વરો બન્નેના હાથમાં રહી ગઇ, ને બન્નેએ બહાર ડોકિયું કર્યું. ગાડી ઉપર અમેરિકાના જંગલી લોકોએ હલ્લો કર્યો હતો. ચાલતી ગાડીએ આ લૂંટારુઓ ગાડીમાં ચડી બેઠા હતા. ઉતારુઓ અને લૂંટારુઓ વચ્ચે ઝપાઝપી શરૂ થઈ ગઈ હતી. થોડાક લૂંટારુઓ લડવામાં રોકાયા હતા, થોડાક માલ વીંખવામાં રોકાયા હતા. ઉતારુઓ પણ બધા બહાદુર હતા. તેમણે સ્ત્રીઓ અને બાળકોને એક ડબ્બામાં પૂરી દીધાં, અને તેનું રક્ષણ કરવા માટે હાથમાં રિવોલ્વર લઇને ઘરડા બુઢ્ઢા અમેરિકનો પણ તૈયાર હતા.

ગાડી ૪૦–૫૦ માઇલની ઝડપથી ચાલી રહી હતી. પડખે જ એક સ્ટેશન હતું. ત્યાં લશ્કરી થાણું હતું. પણ જો ગાડી ત્યાં ઊભી ન રહી તો થઈ રહ્યું. આ જંગલી લોકો આખી ગાડી કબજે કરશે અને તે પછીનું સ્ટેશન આવે ત્યાં સુધીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો બધું સાફ કરી નાખશે. ફોગ રિવોલ્વર લઈને યુદ્ધમાં મંડી પડ્યો હતો. પાસ-પારટુટે જોયું કે ગાડી અટકતી નથી એટલે તે ડબ્બાની બહાર નીકળ્યો, અને ડબ્બાનાં પાટિયાં ઉપર ચાલતો ચાલતો ઠેઠ એંજિન સુધી પહોંચ્યો. રસ્તામાં એક હાથે રિવોલ્વરનો ઉપયોગ તો કરતો જ જતો હતો; આખરે માંડ માંડ તે પહેલે ડબ્બે પહોંચ્યો. જે જગ્યાએ એંજિનને ડબ્બો જોડ્યો હોય તે સાંકળવાળા ભાગ પર તે બેઠો, અને એક હાથે કપલીંગ પકડી રાખીને બીજે એક હાથે જોર કરીને એંજિનનું કપલીંગ છોડવા મંડ્યો. ઘણી મહેનતને અંતે તેણે એંજિનની સાંકળ છોડી નાખી. એંજિન તો તીરની જેમ ભાગ્યું અને ગાડીની ગતિ ધીમેધીમે ઓછી થઇ. સદ્‌ભાગ્યે ગાડી પેલા સ્ટેશનથી સો ફૂટના અંતરે ઊભી રહી. બંદૂકના ધડાકા સાંભળીને લશ્કરી થાણાના સિપાઇઓ બહાર આવ્યા. પણ પેલા જંગલીઓ તો ગાડીની ગતિ ધીમી પડવા માંડી એટલે જ ભાગવા મંડ્યા હતા.

ગાડી ઊભી રહી. બધા ઉતારુઓની ગણતરી થવા લાગી, થોડાક ઉતારુઓ ઘટતા હતા. એ ઘટતા ઉતારુઓમાંનો એક પાસ-પારટુટ પણ હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૬ મું

ફોગ સીધો લશ્કરી થાણાના મુખ્ય અમલદાર પાસે ગયો.

"ગાડીમાંના ઉતારુઓમાં ત્રણ જણનો પત્તો નથી. તેની તપાસ માટે કંઈક કરવાની જરૂર છે."

"હા, પણ આ જંગલમાં તે લૂંટારુઓ પાછળ જવું, એ જોખમભરેલું છે."

"જોખમ તો છે જ પણ સાથે આપણી ફરજ પણ છે."

"મને મારી ફરજનું ભાન કરાવવાની જરૂર નથી." અમલદાર પોતાના સ્વભાવ ઉપર ગયો.

"ભલે. તો હું એકલો જઇશ." કહીને ફોગ ચાલવા લાગ્યો.

"પણ એકલા?" ફિક્સે કહ્યું.

"હા જ તો, આખી ગાડીને બચાવનાર માણસને જંગલમાં લૂટારુઓના હાથમાં રહેવા દેવા જેટલી નમાલી અમેરિકન પ્રજા હોય, તો ભલે. તો અંગ્રેજ પોતાની ફરજ બજાવશે." ફોગે કહ્યું.

"ના, ના, એમ નહિ." લશ્કરી અમલદાર પીગળ્યો. "હું મારા ત્રીસ માણસોને સાથે મોકલું છું."

"આપનો ઉપકાર" ફોગે કહ્યું. ફોગ લશ્કરના ત્રીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસો સાથે તે જંગલીઓ ગયા હતા તે દિશામાં ઊપડ્યો. ફિક્સ પણ સાથે જ હતો.

આ બાજુ પેલું છૂટું પડી ગએલું એંજિન આખરે પાછું આવ્યું. એંજિન જોડાયું, એટલે માણસો પણ ઉતાવળા થવા લાગ્યા. ગાર્ડ પણ ગાડી ત્રણ કલાક મોડી થઇ હોવાથી ગાડીને વધુ રોકી શકે તેમ નહોતું. જો કે લશ્કરી અમલદારની ઇચ્છા એવી હતી કે પેલા લૂંટારુઓની પાછળ ગયેલા માટે ગાડી થોભાવવી. પણ ગાડી તો ઊપડી જ ગઇ.

લશ્કરી અમલદારે ઘણી રાહ જોઈ. રાત પડી ગઇ. કોઇનો પત્તો ન હતો. બીજે દિવસે સવારે પણ કંઈ સમાચાર ન આવ્યા. તેને થયું કે ગયેલી ટુકડી પણ ત્યાં જ ઝપાઝપીમાં ખપી ગઇ હશે, ત્યાં તો ટોળી નજરે પડી. સાથે પાસ–પારટુટ અને બીજા બે ઉતારુઓ પણ હતા. ફૉગ અને તેની સાથેના માણસોએ જંગલમાં કેટલાય માઇલ ઊંડે જઇને લૂંટારુઓને પકડ્યા હતા. પાસ–પારટુટ અને તેના બે સાથીઓ પણ જીવ સટોસટ લડી રહ્યા હતા. ફૉગની ટોળી વખતસર જ પહોંચી ગઈ અને તેઓ બચી ગયા.

લશ્કરી અમલદારે ફૉગને ધન્યવાદ આપ્યો, અને ફૉગે તેની સાથે આવેલા લશ્કરના માણસોને તેમની બહાદુરી માટે ઇનામ આપ્યું.

પણ ફૉગની આપત્તિનો કાંઇ અંત નહોતો આવ્યો. ગાડી ઊપડી ગઇ હતી. બીજી સાંજે જ ગાડી મળે તેમ હતું. ફૉગ તેની તારીખોમાં ૨૪ કલાક મોડો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાસ-પારટુટને પોતાની જાત ઉપર તિરસ્કાર આવી ગયો. પોતાને જ માટે તેના શેઠને હેરાન થવું પડ્યું. ફિક્સ આ વખતે બરાબર મદદમાં આવ્યો. તેણે ફૉગને કહ્યું: "જો આપણે ગાડીની રાહ જોયા વગર વખતસર પહોંચવું હોય તો એક રસ્તો છે."

"શો ?"

"અહીંથી આપણને એક સ્લેજ[1] મળી શકે તો તેમાં બેસીને જઇ શકીશું."

ફૉગને તો વાંધો હતો જ નહિ. તરત જ તેમણે તપાસ કરી. એક સુંદર સઢવાળી સ્લેજ મળી ગઇ. ભાડું ઠરાવવામાં તો મુશ્કેલી હતી જ નહિ. તરત જ ત્રણેય જણ તેમાં બેસી ગયા. પવન ખૂબ અનુકૂળ હતો. શિયાળો હોવાથી બરફ જામી ગયેલો હતો. સ્લેજના સઢ ચડાવી મૂક્યા. સ્લેજ જાણે ઊડવા જ લાગી. લગભગ ૪૦ માઇલની ઝડપે બરફ ઉપર સ્લેજ જતી હતી. આવી મુસાફરી ફૉગે પણ પહેલી જ વાર કરી હોય, તેમ તે ખૂબ આનંદમાં આવી ગયો. સઢના દોરડાં સાથે પવન અથડાવાથી તેમાંથી મધુર સંગીત ઊભું થયું હતું. ફૉગ તે સ્વર સાથે પોતાનો સ્વર મેળવતો હતો. સ્લેજ એટલી ઝડપથી જતી હતી કે ત્રણેય જણ એક બીજાને વળગી રહ્યા હતા. હાંકનાર પણ ભારે ઉત્સાહમાં આવી ગયો હતો. સુકાનને તે એટલી કુશળતાથી ફેરવતો હતો કે આટલી ઝડપ છતાં સ્લેજ પોતાનો માર્ગ ચૂકતી ન હતી. બરફને લીધે નદી અને જમીન બધું એક

---

૧ બરફ પર ચાલનારી ગાડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ ગયું હતું. આખરે ઓમાહા સ્ટેશન આવ્યું, ત્યાં ગાડી આવતી દેખાઈ. સ્લેજ સીધી સ્ટેશને પહોંચી. સ્લેજમાંથી કૂદીને તેઓ સીધા ગાડીમાં ચડી ગયા.

ઓમાહા જોવાની તેમને અત્યારે પડી નહોતી. ગાડી તો આઇઓવા સ્ટેટની હદમાંથી પસાર થઇ ગઈ. અને મિસીસિપી નદીને ઓળંગીને ઇલિયોનિસ સ્ટેટની હદમાં આવી પહોંચી. બીજે દિવસે એટલે કે ૧૦ મી ડિસેમ્બરે તેઓ સાંજે ચાર વાગે શિકાગો પહોંચ્યા. મિશીગન સરોવરમાં પડતું શિકાગોની મહેલાતોનું પ્રતિબિંબ શિકાગોની શોભામાં ઓર વધારો કરતું હતું. પણ તેમને તે જોવાની નવરાશ ન હતી. હજુ ન્યૂયોર્ક ૯૦૦ માઇલ દૂર પડયું હતું. એક પછી એક ગાડી બદલાવતા, તેઓ ઝડપથી આગળ વધી રહ્યા હતા. ઇંડિયાના, ઓહિયો, પેન્સિલ્વાનિયા, વિગેરે રાજ્યોમાંથી તેઓ વીજળીને વેગે પસાર થઇ ગયા.

આખરે ૧૧ મીએ ન્યૂયોર્ક આવ્યું.

સ્ટેશને ઊતરીને સીધી બંદરે તપાસ કરી. લીવરપૂલ જનારી 'ચાઈના' નામની સ્ટીમર પોણા કલાક પહેલાં જ ઊપડી ગઈ હતી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૭ મું

'**ચાઈના**' ઊપડી તો ગઇ, પણ સાથે સાથે ફૉગની છેલ્લી આશાને પણ ઉપાડતી ગઇ. આખા બંદરમાંથી બીજી કોઇ સ્ટીમર ઈંગ્લાંડ તરફ જનારી નહોતી. ફ્રેંચ અને અમેરિકાની બીજી સ્ટીમરો ઘણી હતી, પણ કોઇ ઈંગ્લાંડ જનારી ન હતી.

પાસ–પારટુટનું મગજ જાણે ખસી ગયું હતું. પોણા કલાકને માટે થઇને આખી જિંદગી બરબાદ થઇ જાય, એ સ્થિતિમાં કોણ ગાંડો ન થઇ જાય? અને તેમાં ય પાસ–પારટુટને વધારે દુ:ખ તો એ હતું કે આટલું મોડું થવાનું કારણ પોતે જ હતો. તેના શેઠે જે માટે થઇને પાણીની જેમ પૈસા વાપર્યા, તે હેતુ તો બરબાદ થતો નજરે દેખાતો હતો.

ફૉગે તેને કહ્યું: "આજે ચાલો કોઈ સારી હોટેલમાં, કાલે તપાસ કરીશું." પાસ–પારટુટ આ ધીરજ જોઇને ઠંડો પડી ગયો. બ્રોડવેમાં આવેલી એક સુંદર હોટેલમાં તેમણે મુકામ કર્યો. રાતે ફૉગ ઘસઘસાટ ઊંઘતો હતો એમ પાસ–પારટુટની ખાતરી થઇ, કારણ કે તે તો આખી રાત જાગ્યો જ હતો.

બીજે દિવસે એટલે કે ૧૨મી ડિસેમ્બરે સવારે સાત વાગે તેની પાસે પોતાની શરત પૂરી કરવા માટે ૯ દિવસો, ૧૩ કલાક અને ૪૫ મિનિટ હતાં. પોતે હજુ ન્યૂયોર્કમાં જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. જો 'ચાઈના' સ્ટીમરમાં તે પહોંચ્યો હોત તો બરાબર વખતસર તે લંડન પહોંચી જાત.

ફોગ નાસ્તો કરીને પોતાના નોકરને ગમે તે ઘડીએ તૈયાર રહેવાનું કહીને બંદર ઉપર ગયો. બંદર ઉપર કેટલાંય વહાણો ઊપડવાની તૈયારીમાં હતાં, પણ તે બધાં સઢવાળાં હતાં, તેથી નકામાં હતાં. ઘણું ફર્યો છતાં ફોગને ક્યાંય આશાનું ચિહ્ન ન દેખાયું. ત્યાં તેની નજર એક નાની સ્ટીમર પર પડી. તેના ભૂંગળામાંથી ધૂમાડા નીકળતા હતા. તે ઊપડવાની તૈયારીમાં હોય એમ લાગતું હતું. ફોગ ત્યાં પહોંચ્યો. સ્ટીમરમાં કૅપ્ટન જેવા દેખાતા એક જાડા માણસને તે મળ્યો.

"કેમ, તમે કૅપ્ટન છો ?"

"હા."

"મારું નામ ફિલિયસ ફોગ."

"મારું નામ ઍન્ડ્રયુ સ્પીડી."

"તમો હમણાં જ સ્ટીમર ઉપાડવાના લાગો છો !"

"હા, એક કલાકમાં જ."

"ક્યાં જવાના ?"

"બોરડો."×

"કાંઈ સામાન છે ?"

"સામાનમાં હું જ છું."

"કોઈ ઉતારુઓ છે ?"

"હું ઉતારુઓ લેતો જ નથી. ઉતારુઓ રસ્તામાં ભારે કનડે છે."

× ફ્રાંસનું એક બંદર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સ્ટીમર ચાલવામાં કેવી છે?"

"કલાકના ૧૧ થી ૧૨ નોટ[1] કાપે છે."

"અમે ત્રણ ઊતારુઓ છીએ. અમને તમે લીવરપૂલ લઇ જશો?"

"લીવરપૂલ? તો તો પછી ચીનમાં જ લઇ જાઉં તો શું?" તે જરાક મશ્કરીમાં હસ્યો.

"મેં લીવરપૂલની વાત કરી."

"હા સમજ્યો. તે શું? મારે નથી આવવું."

"નહિ?"

"મેં ના કહીને? હું બોરડો જવા તૈયાર થયો છું. અને ત્યાં જ જઇશ."

"પણ ભાડું મોં માગ્યું આપું તો?"

"ના જી."

ફોગ થોડી વાર થંભ્યો, પછી બોલ્યો:

"આ સ્ટીમરનો માલેક કોણ છે?"

"હું જ માલેક છું."

"તો મને આ સ્ટીમર ભાડે આપશો?"

"ના, ના."

"તો મને વેચાતી આપો!"

"ના જી."

---

૧ નોટ એટલે દરિયાઇ માઇલ, જમીનના માઇલ કરતાં તે માઇલ જરા લાંબો હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોંગકોંગમાં ફોગનું કામ પૈસાથી જેટલું સરળ થયું હતું, તેટલું અહીં સરળ ન હતું.

ફોગે વળી થોડીવાર વિચાર કર્યો. તેને કંઇક સૂઝયું.

"તો અમને ઓરડો સુધી લઈ જશો ?"

"ના, મને ૨૦૦ ડોલર આપો તોય નહિ."

"પણ હું તને ૨૦૦૦ ડોલર આપું. પછી ?"

"એક એક ઊતારુના ?"

"હા."

"તમે કેટલા છો, ત્રણ ?"

"હા."

સ્ટીમરના કેપ્ટને માથું ખંજવાળી વિચાર્યું; ૬૦૦૦ ડોલર સાવ મફતમાં મળી જતા હતા. તેનું મન પીગળ્યું.

"તો પછી તૈયાર થઇ જાઓ. નવ વાગે મારી સ્ટીમર ઊપડશે."

"અમે તૈયાર જ છીએ !"

ફોગ ગયો, અને નવ વાગે પાસ–પારટુટ તથા ફિક્સને લઇને પહોંચી ગયો. ફિક્સને તેણે પોતાની સાથે જ રાખ્યો હતો. અને ફિક્સ પણ આનાકાની કર્યા વગર તેની પાછળ ચાલ્યો હતો.

સ્ટીમર ઊપડી. પાસ–પારટુટને જ્યારે ત્રણ જણના ઓરડો સુધીના ભાડાની ખબર પડી ત્યારે તેનાથી 'ઓહ' શબ્દ સારીગમના અવરોહમાં નીકળી પડયો. ફિક્સને પણ મનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયું કે ઇંગ્લાંડની બેંકને આ માણસ પાસેથી પાછું કંઈ મળે એમ નથી.

સ્ટીમરની ઝડપ બહુ સારી ગણાય. બીજે દિવસે સ્ટીમર જ્યારે મધ્યદરિયે દાખલ થઇ ત્યારે ફોગે સ્ટીમરના કેપ્ટનને તેની કેબિનમાં પૂરી દીધો, અને કેબિનને બહારથી તાળું મારી દીધું. અંદરથી કેપ્ટનના મુખની વાણી આખી સ્ટીમરને ગજાવતી હતી. તેની વાણીના પ્રકાર અને વિસ્તાર બન્ને અસહ્ય હતાં. પણ પોતાના જ ઘરમાં કેદી થવું, એ સંજોગોમાં એની પાસેથી એથી ઓછું આપણે કેમ ધારી શકીએ?

વાત એમ હતી કે ફોગને લીવરપૂલ જવું હતું. અને આ કેપ્ટનને બોરડો જવું હતું. એ બેનો મેળ કેમ ખાય? ફોગે સ્ટીમર ઉપરના બધા માણસોને થોડા જ કલાકમાં પૈસા આપીને વશ કરી લીધા હતા. પછી તો માત્ર કેપ્ટનને પૂરી દેવાનું જ બાકી રહેતું હતું. ફોગે બીજે જ દિવસે તે પણ કરી દીધું. અને સ્ટીમરનો કબજો પોતે લીધો. તેને સ્ટીમરના કામકાજની બધી માહિતી હોય એમ લાગતું હતું.

કેપ્ટન હવે ગભરાયો. તેને ખાતરી થઇ કે આખરે પોતાની અટકળ તદ્દન ખરી જ છે. આ બદમાશે આખરે પોતાની સ્ટીમરને લૂંટી એટલું જ નહિ પણ મને ય ફસાવ્યો. આ સ્ટીમરને લઇને આ ચાંચિયો ક્યાંનો ક્યાં જશે, તે કેમ કહેવાય?

પાસ–પારટુટના ઉત્સાહનો પાર ન હતો. સ્ટીમરના બધા ખલાસીઓને તે પોતાના વિનોદી સ્વભાવથી ઉત્સાહમાં ને ઉત્સાહમાં રાખતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ટીમર બરાબર ચાલતી હતી. આ ને આ ગતિએ જો ચાલે તો લીવરપૂલ વખતસર પહોંચાશે, એમાં શંકા ન હોતી.

૧૬ મી ડિસેમ્બરે આ નાનકડી સ્ટીમર લગભગ અર્ધો આટલાંટિક મહાસાગર પસાર કરી ચૂકી હતી. શિયાળો હોવાથી પવન તોફાની હતો, એટલે જરા મુશ્કેલી તો ખરી જ.

એક દિવસે સ્ટીમરનો ઇજનેર ફોગ પાસે આવ્યો.

"સ્ટીમરમાં કોલસો ખલાસ થવા આવ્યો છે."

"ચોક્કસ ?"

"હા, આપણી પાસે બારડો પહોંચાય એટલો કોલસો તો છે. પણ લીવરપૂલ જવાની ગણતરી કરીને કોલસો ભરેલો નથી."

"ઠીક. જોઉં છું." ફોગે કહ્યું.

હવે શો ઉપાય ? મધ્યદરિયે કોલસો કયાંથી કાઢવો ? પાસ-પારટુટ વળી મૂંઝાયો. તેની મૂંઝવણ તે ફિક્સ સિવાય બીજા કોને કહે ?

"મિ. ફિક્સ ? હવે શું કરશું ?"

"તે તને ખાતરી છે કે આપણે લીવરપૂલ જઇએ છીએ ?" ફિક્સે જરા કરડાકીમાં કહ્યું.

"હા જ તો."

"જા, જા, મૂર્ખ થા મા" કહીને ફિક્સ ચાલ્યો ગયો.

ફોગ શું કરશે, તેની કોઇને કલ્પના પણ નહોતી. તેણે તો ઇજનેરને હુકમ આપી દીધો હતો કે સ્ટીમર પૂરેપૂરી ગતિમાં રાખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૮ મી તારીખે બપોરે ફૉગે પાસ–પારટુટને હુકમ કર્યો કે સ્ટીમરના કૅપ્ટનને છૂટો કરી દો. પાસ–પારટુટ આ હુકમનો અમલ કરતા જરા ખંચકાયો, પણ શેઠના હુકમનો અનાદર થાય તેમ નહોતું.

કેબિનમાં જઇને પાસ–પારટુટે કૅપ્ટનને છોડ્યો. પાંજરામાંથી છૂટેલા વાઘની જેમ તે છલાંગ મારીને બહાર આવ્યો ને ફૉગ પાસે આવી તાડુકયો:

"સ્ટીમર કયાં જાય છે ? કયાં જાય છે ?"

"લીવરપૂલ તરફ" ફૉગે શાંતિથી કહ્યું.

"હેં ! લીવરપૂલ તરફ ! હરામખોર ચાંચિયા !"

"મારે તમારું થોડું કામ છે." ફૉગે કહ્યું.

"મને લૂંટી લીધો, હાય હાય !"

"કૅપ્ટન ! મારો વિચાર એવો છે કે તમારી સ્ટીમર આખી મારે ખરીદી લેવી."

"ચાલ ચાલ હવે !"

"તો પછી મારે આ સ્ટીમર બાળી મૂકવી પડશે." ફૉગે કહ્યું.

"સ્ટીમર બાળવી છે ?"

"ના, આખી નહિ; ઉપરનો જ ભાગ બાળવો પડશે. કારણ કે સ્ટીમરમાં કોલસો ખૂટી ગયો છે."

"મારી સ્ટીમર બાળવાની વાત છે ? ખબર છે એ સ્ટીમરની કિંમત ૫૦,૦૦૦ ડૉલર છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આ રહ્યા ૬૦,૦૦૦ ડૉલર." ફોગે ખિસ્સામાંથી નોટોનું મોટું બંડલ કાઢયું.

આ બંડલ ઉપર નજર પડી કે તરત જ કેપ્ટન ઉપર કંઈક જાદુઈ અસર થઈ. તેની બીક કયાંય ચાલી ગઈ. સ્ટીમર વીસ વરસની જૂની હતી. આમ વાતવાતમાં આવડો મોટો નફો કોણ જવા દે? તોપમાંનો દારૂ એકદમ હવાઈ ગયો. તેણે નોટોનું બંડલ ખિસ્સામાં મૂકયું.

પાસ-પારટુટ અને ફિકસના ડોળા તો ફાટી જ ગયા હતા. ફિકસને ખાતરી થઈ કે ઇંગ્લાંડની બેંકમાંથી ૫૦ પૌંડની નોટો આણે ઉપાડી છે.

"કેપ્ટન સાહેબ, હવે સ્ટીમરની માલેકી મારી છે. એટલે સ્ટીમરમાં જડેલાં પાટિયાંઓ કાઢવાનો હુકમ કરો."

થોડીવારમાં સ્ટીમર ઉપર કુહાડાના ઘા શરૂ થઈ ગયા. મોટા થાંભલાઓ, કેબિનો અને ડેકનાં પાટિયાંઓનો નીચે ઢગલો થયો. સઢના થાંભલાઓને પણ છેવટે ઉપયોગમાં લેવાનું નક્કી કર્યું હતું અને બીજે દિવસે તો ખુવાને પણ નીચે એંજિનના ઓરડામાં મોકલાવી દીધો. બીજે જ દિવસે સ્ટીમરનો દેખાવ એક મોટા થાપડા જેવો થઈ ગયો.

આખરે આયર્લેંડનો કિનારો દેખાયો. ક્વીનસ્ટાઉન બંદરે સ્ટીમર લાંગરી. અહીંથી ટ્રેનમાં બેસીને ડબ્લીન જવું, અને ત્યાંથી સ્ટીમરમાં લીવરપૂલ જવું, એમાં સમયનો ઘણો બચાવ હતો. એટલે ફોગ આ જ બંદરે ઉતરી ગયો. સ્ટીમરના કેપ્ટનને ભાંગેલી તૂટેલી સ્ટીમર ભેટ કરી દઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંથી તે ટ્રેનમાં ડબ્લીન જવા ઊપડ્યો. ડબ્લીનથી લીવરપૂલ જતી ઘણી સ્ટીમરો હોય છે. તેમાંથી એકમાં ફોગ ચડી બેઠો અને સાડા બારે તેણે લીવરપૂલના બંદર પર પગ મૂક્યો. લંડન હવે છ કલાકનેજ રસ્તે હતું.

ફોગે સ્ટીમરમાંથી જમીન ઉપર પગ મૂક્યો કે તરતજ ફિક્સ તેની સામે આવીને ઊભો, અને તેના ખભા ઉપર હાથ મૂકીને બોલ્યો: "આપનું નામ ફિલિયસ ફોગ કે?"

"હા."

"તો પછી આપને પકડવામાં આવે છે." કહીને ફિક્સે ઈંગ્લાંડની સરકારનું વોરંટ ફોગના હાથમાં મૂક્યું!

. . . .

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૮ મું

ફોગને કેદ કરવામાં આવ્યો. તેને બંદર ઉપરના જકાત ખાતાના મકાનમાં રાખવામાં આવ્યો હતો. પાસ-પારટુટના ક્રોધનો પાર ન હતો. જો આસપાસ પોલીસો ન હોત તો ફિક્સનું ત્યાં ખૂન જ થઇ ગયું હોત.

ફિક્સે તો પોતાની ફરજ બજાવી હતી. ફોગને નિર્દોષ કે દોષિત ઠરાવવાનું કામ ન્યાયાધીશનું હતું.

ફોગની પાસે હજુ ૮ કલાક ને ૪૫ મિનિટ હતી. લંડનનો રસ્તો ૬ કલાકનો હતો. પણ તે બંધનમાં હતો. હાથ-ચેંતમાં વિજય છે, છતાં તે લાચાર હતો.

ફોગ શાંતિથી ઓરડામાં બેઠો હતો, તેની નજર ટેબલ પર કાઢીને મૂકેલા પોતાના ઘડિયાળ પર હતી. તેના મુખ ઉપર કઠોરતાનો ભાવ સ્પષ્ટ દેખાતો હતો.

બપોરના બે વાગ્યા. હજુ જો તે છૂટો હોય તો વખતસર તેની કલબમાં શરત પ્રમાણે હાજર થઇ શકે તેમ હતું.

૨–૩૩ મિનિટ થઇ. બારણે અવાજ થયો. બારણું ઊઘડ્યું. ફિક્સ અને પાસ-પારટુટ દેખાયા. ફોગની આંખો ચમકી.

ફિક્સ એકદમ આગળ વધ્યો. “ સાહેબ, માફ કરજો. સાચો ચોર તો જડી ગયો છે. આપને મેં નકામા હેરાન કર્યા. આપ છૂટા છો. ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફોગને છોડી મૂક્યો. તે જરા આગળ વધ્યો. ફિક્સની સામે આવીને ઊભો, તેના સામે એક મીટ માંડીને જોરથી એક તમાચો તેના ગાલ પર ચોડી દીધો. ફિક્સને તમ્મર આવી ગયાં, ફોગ ત્યાંથી ચાલ્યો ગયો.

પાસ–પારટુટથી બોલ્યા સિવાય ન રહેવાયું: "શાબાશ!"

ત્યાંથી ફોગે બહાર આવીને એક ગાડી પકડી. પાસ–પારટુટ પણ ચડી ગયો. બન્ને સીધા સ્ટેશને પહોંચ્યા. ૨–૪૦ થયા હતા. ૩૫ મિનિટ પહેલાં જ ગાડી ઊપડી ગઈ હતી. ફોગે 'સ્પેશિયલ' જોડવાની વરધી આપી. એજિંન તો ઘણાં નવરાં હતાં. પણ તૈયાર થતાં થતાં ૩ વાગી ગયા. એંજિનના ડ્રાઇવવરને ફોગ તરફથી કંઈક બક્ષીસની ઈસારત થઇ ગઇ હતી.

એજિંન ફોગ અને તેના નોકરના ડબ્બાને લઇને ઊડતું ઊડતું લંડન તરફ ઊપડયું.

પાા કલાકમાં એજિંન લંડન પહોંચ્યું, પણ લંડનના સ્ટેશનમાં તેને માટેની જગ્યા થતાં બહુ વાર થઈ. જ્યારે સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર એંજિન આવ્યું, ત્યારે ઘડિયાળમાં ૯–૧૫ થયા હતા. અહીંથી કલબના મકાનનો રસ્તો વધારેમાં વધારે ઝડપથી જાય તો પણ ૧૦ મિનિટનો હતો.

ફોગ આખી દુનિયાની મુસાફરી પૂરી કરીને લંડન ૫ મિનિટ મોડો પહોંચ્યો!

ફોગ નીચે ઊતરીને પાસ–પારટુટને સામાન ખરીદવાનો હુકમ આપીને ગાડી કરીને સીધો ઘેર ગયો.

ફોગને માથે ખરેખર આભ જ તૂટી પડયું હતું. આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભયંકર સાહસોવાળી મુસાફરી બરાબર ૮૦ દિવસમાં જ ગમે તે રીતે પૂરી કરી. પૈસા તો પાણીની જેમ વાપરી નાખ્યા. ફક્ત એક ડિટેકિટવની થોડા કલાકની મૂર્ખાઇને પરિણામે તેની શરતમાં પણ તે હાર્યો. શરતની હારને પરિણામે જે ૨૦ હજાર પૌંડની મૂડી તેના નામ પર બેંકમાં જમા હતી, તે પણ હવે તો કલબના સભ્યોને આપી દેવાની હતી.

૮૦ દિવસને અંતે ફોગ મુફલીસ થઇને પાછો ફર્યો. પાસ-પારટુટને તો બીક હતી કે તેના શેઠનું ચોક્કસ ફટકી જશે. તે ઉતાવળો ઉતાવળો ઘેર આવી ગયો ને ઘરનું બારણું બંધ કરી દીધું. બારીઓ પણ મોટે ભાગે બંધ જ રાખી. (અલબત્ત, ઘરમાં દાખલ થઇને પહેલવહેલાં તેણે ગેસનો નળ બંધ કરી દીધો, એ કહેવાની જરૂર નથી.)

બીજો દિવસ થયો. ફોગ પોતાના ઘરમાં બેઠો બેઠો સિગાર જ સળગાવ્યા કરતો હતો અને ધુમાડાના ગોટા વચ્ચે ઢંકાઇ રહ્યો હતો. તેને ખાવાપીવાનું કંઇ સૂઝયું નહિ. પાસ-પારટુટ પણ તેના ઓરડા આગળ ચોકી કરતો ઊભો હતો.

દિવસ આખો પસાર થઇ ગયો. સાંજ થઇ. સાડા આઠ થયા. ફોગ એકદમ ખુરશીમાંથી બેઠો થયો, અને પાસ-પારટુટને કહ્યું: "મારે કલબનો વખત થયો છે. કલબમાં જવું છે."

પાસ-પારટુટને ધ્રાસકો પડ્યો. "આપની તબિયત તો સારી છે ને?"

"હા."

"મારે લીધે જ આપને આ મહાન આપત્તિ–"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોઇને લીધે નથી થયું. ચાલ, મારી હેટ ને કોટ લાવ."

ફોગ બહાર નીકળ્યો, પાસ-પારટુટ પણ તેની પાછળ જ નીકળ્યો.

× × ×

અહીં લંડનમાં ફોગ ચોર છે, એ વાત બધા છાપાંઓમાં આવી ગયેલી. ઓકટોબરની ૨જી તારીખે બેંકમાં ૫૫ હજાર પૌંડની ચોરી થયેલી એ વાત તો કોઈ ભૂલ્યું નહિ હોય. તે ચોરી ઠેઠ ૧૭મી ડિસેમ્બરે પકડાઈ. ત્યાં સુધી ફોગ જ ચોર છે, એમ બધાને ખાતરી હતી. ખરો ચોર પકડાયા પછી ફોગ સંબંધે બધાનું માન અતિશય વધી ગયું. અને બધા લોકો ફોગની શરત પૂરી થવાના દિવસની રાહ જોવા લાગ્યા. લોકો એ દિવસ ભૂલે નહિ માટે છાપાંવાળાઓ ફોગ અત્યારે ક્યાં હશે, તેની અટકળોવાળા ખબરો છાપતા.

આખરે ડિસેમ્બરની ૨૧મી તારીખ આવી. કલબના સભ્યો તો રિવાજ મુજબ રોજ ભેગા થતા જ હતા. પણ આજે તો તેઓ ઘણા વહેલા આવીને બેઠા હતા. ફોગ પહોંચશે નહિ, તેમ ખાતરી હોવા છતાં લોકોના ઉશ્કેરાટની તેમના પર અસર એટલી બધી હતી કે તેઓ પણ આ સિવાય બીજી કાંઈ વાતો નહોતા કરતા.

સાંજ પડી ગઇ. સાંજના નવરા પડેલા લોકો પણ લંડનમાં ઓછા નથી હોતા. એમાં આજે તો શનિવાર હતો, એટલે લોકોને આવતી કાલની નિરાંત હતી. લોકોનું ટોળું તે સુધારક સભાના મકાન આગળ એકઠું થવા લાગ્યું. નવ વાગે તો ત્યાં ઠઠ જામી ગઇ હતી. મિનિટે મિનિટે બધા ફોગ આવવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાહ જોતા હતા. વ્યક્તિગત બધા માનતા હતા કે ફોગ નહિ આવે. પણ સમૂહ આખો શરત પૂરી થવાની છેલ્લી મિનિટ સુધી રાહ જોવા તૈયાર હતો.

ભીડ એટલી સખત હતી કે અંદર જવું ને બહાર નીકળવું, બન્ને મુશ્કેલ હતું. નવ વાગ્યા. જેની જેની પાસે ઘડિયાળો હતાં, તે બધા બહાર કાઢીને ઊભા હતા. 'સુધારક સભા'ના સભ્યો પણ પોતપોતાનાં ઘડિયાળો ટેબલ ઉપર મૂકીને બેઠા હતા. સુધારક સભાના સભ્યોએ આજ ને ગઈ કાલે આવેલી બધી બાજુની સ્ટીમરો ને ગાડીઓમાં તપાસ તો કરાવી જ લીધી હતી, ફોગ નથી આવ્યો, એમ તેમને ખાતરી હતી જ.

"હવે તો શું આવે?" એક સભ્ય નવ ને પાંચ મિનિટે કંટાળીને બોલ્યો.

"પણ આપણાથી ૯–૧૫ સુધી ઉઠાય નહિ." બીજાએ કહ્યું.

"ભલે તો આપણે આખી રાત બેસી રહેવા તૈયાર છીએ. પણ હવે આમ ને આમ ઘડિયાળ સામું જોઇને શું બેસી રહેવું? ગંજીપો કાઢો ગંજીપો."

૯–૧૦ મિનિટ થઇ.

"બિચારો ફોગ! વાટમાં ખર્ચ તો કર્યો હશે, એ ઉપરાંત આ ૨૦૦૦૦ પૌંડ પણ ગુમાવશે."

"અરે એ મિસ્ટર તો ક્યાંય લહેર કરતા હશે. આપણને બનાવી ગયો."

"ના, એમ તો ખરો મરદ લાગતો હતો હો! કાંઇ કહેવાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. અને એમ ૨૦૦૦૦ નો ચેક આપીને ચાલ્યો જાય, એનામાં કાંઇક તો પાણી હશેને !"

મિનિટ ઉપર મિનિટ જવા લાગી. એક મિનિટ બાકી રહી. સેકંડ ઉપર સમયની ગણુતરી થવા લાગી. એક સેકંડ. બે સેંકડ.......૫૫ મી સેકંડે સભાના મકાનની બહાર હોહા થઇ રહી. સભ્યો બધા ઊભા થઇ ગયા. ૫૭ મી સેકંડે સભાનું બારણું ફટાક કરતું ઊઘડી ગયું. ફિલિયસ ફોગ અને પાછળ લોકોનું ટોળું દેખાયું.

ફોગે તેના તે જ શાંત અવાજમાં કહ્યું: "ગૃહસ્થો ! હું વખતસર આવી પહોંચ્યો છું."

× × ×

આમ કેમ થયું ?

ફોગ જ્યારે પોતાના ૮૦ દિવસ પહેલાંના નિત્યક્રમ પ્રમાણે પોતાની કલબમાં જવા નીકળ્યો ત્યારે તે ધીમી ગતિએ ચાલતો હતો. પાસ–પારટુટ તેની સાથે જ હતો. કલબના મકાનની નજીક તેઓ નવ વાગ્યે પહોંચ્યા. પાસ–પારટુટે જોયું કે અહીં લોકોની ખૂબ ભીડ છે. તેણે ભીડમાંના એક માણસને પૂછયું: "કેમ ભાઇ, આજે આ ભીડ શેની છે?"

"કેમ, આજે પેલા ફોગની શરતનો છેલ્લો દિવસ છે ! છાપાં વાંચતા નથી લાગતા !"

"આજે કયો વાર છે ?"

"કેલેંડર જોઇ લો."

"અરે ભાઇસાહેબ, કહોને ! આજ તો રવિવાર છે ને !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અરે આજ શનિવાર છે, એટલીય ખબર નથી? ગામડામાંથી આવતા લાગો છો?"

"આજે શનિવાર?" પાસ–પારટુટને ઘડીક તો ચક્કર આવી ગયાં. તે દોડ્યો. તેના શેઠને કોટથી પકડ્યો, ને જેમ ઢોરને ખેંચે તેમ જોરથી ખેંચવા લાગ્યો.

"ચાલો જલદી કરો, આજે શનિવાર છે. ચાલો પાંચ જ મિનિટ છે."

ફોગ કંઇ સમજી ન શક્યો. પાસ–પારટુટ ભીડમાં શેઠને પકડીને રસ્તો કરવા લાગ્યો. પણ ભીડ એટલી હતી કે નીકળાય તેમ નહોતું. મિનિટ ઉપર મિનિટ લાખ લાખ રૂપિયાની જતી હતી. પાસ–પારટુટને તરત જ રસ્તો સૂઝ્યો. તેણે બૂમ મારીઃ

"હટો હટો, ફોગ આવી પહોંચ્યો છે."

લોકોએ તરત જ રસ્તો કરી આપ્યો ને બધા તેની પાછળ પડ્યા. હોહા ને કોલાહલ મચી ગયાં. ફોગ બરાબર ૨૧ મી ડિસેંબર, શનિવારના સાંજે ૯–૪૪–૫૭ સેંકંડે સભાના બારણમાં આવીને ઊભો રહ્યો.

ફોગને બધા લોકોએ વધાવી લીધો. સભાના સભ્યોએ પણ વધાવી લીધો. પણ તે તો વિચારમાં જ હતો. તેણે ત્યાં જ પોતાની ડાયરી કાઢી. તે આખી જોઇ ગયો. તેને આજે રવીવાર અને ૨૨ મી તારીખને બદલે શનિવારેને ૨૧ મી તારીખ શાથી થઇ ગઇ તે સમજાયું નહિ.

પાસ–પારટુટને મન આનંદ સિવાય બીજું કાંઇ નહોતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે તો એમ જ માનેલું કે ૮૦ દિવસ દરમિયાન ઇંગ્લાંડના કેલેન્ડરમાં કંઇક ફેરફાર કરવામાં આવ્યો હોવો જોઇએ.

ફોગ ૪,૦૦૦ પાઉંડની રકમ જીતીને ઘેર આવ્યો. તેને અત્યારસુધીનો ખર્ચ લગભગ ૧૦,૦૦૦ પાઉંડ થઇ ગયો હતો. જે ૧૦૦૦, પાઉંડ બચત વધતા હતા, તેમાંથી અડધા તેણે પાસ-પારટુટને બક્ષિસ આપ્યા. (અલબત્ત બક્ષિસ આપતી વખતે પેલા ગેસનો નળ ઉઘાડો રહેવાથી તેનો જે ચાર્જ આવેલો તે તો તેમાંથી વાળી જ લીધેલો.) અને અડધા ફિક્સને ભેટ તરીકે મોકલી આપ્યા.

ફોગને ઘણે વખતે, તે એક દિવસ વહેલો કઈ રીતે આવ્યો તે સમજાયું. તેણે પૃથ્વીની પ્રદક્ષિણા પૂર્વ દિશામાંથી શરૂ કરેલી. જેમ જેમ આપણે એ દિશામાં એક એક અંશ આગળ વધતા જઇએ, તેમ તેમ સૂર્યોદય ચાર મિનિટ વહેલો થતો જાય છે, એટલે કે દિવસ ચાર મિનિટ વહેલો થતો જાય છે. આખી પૃથ્વીના ૩૬૦ અંશો છે. અને એ ગણતરીએ ૩૬૦× ૪ મિનિટ એટલે ૧૪૪૦ મિનિટ એટલે કે ૨૪ કલાક ઈંગ્લાંડની ગણતરીએ વહેલો તે ઈંગ્લાંડમાં જઈ પહોંચે. ફિલિયસ ફોગે તો સૂર્યનો ઉદય અને અસ્ત ૮૦ વાર જોયો. પણ લંડન-વાળાઓએ ૭૯ વાર જ જોયો હોયને! પાસ-પારટુટની ઘડિયાળનો સમય આ એંશીએ દિવસ દરમ્યાન લંડનના સમય પ્રમાણે જ હતો, પણ તે ઘડિયાળ કલાક ને મિનિટની જેમ જો દિવસો પણ દેખાડતી હોત તો ફોગને આ વાતની ખાતરી આગળથી થાત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફોગ આ પ્રમાણે ૮૦ દિવસમાં દુનિયાની પ્રદક્ષિણા ફરી વળ્યો. ટ્રેન, હાથી, વહાણુ, સ્ટીમર, ઘોડાગાડી, રિક્ષા, સ્લેજ વગેરે જેટલાં વાહનો દુનિયામાં મળતાં હતાં તેટલાંનો લાભ પણ લીધો, ને પોતાની શરત પૂરી કરીને પોતાના એ જ નાનકડા ઘરના ખૂણામાં હોકલી પીતો પોતાના દિવસો ગાળવા લાગ્યો. તેનો નોકર તેનો મિત્ર બન્યો, સ્વજન બન્યો.

તમારે પણ જો દુનિયાની પ્રદક્ષિણા કરીને વહેલાં આવવું હોય તો પૂર્વ દિશામાંથી શરૂઆત કરજો.

★

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ લેખકનાં બીજાં પુસ્તકો

•

ચંદ્રલોકમાં

ધૂમકેતુની સફરે

ઓલીવર ટ્વીસ્ટ

લે મીઝરાબ્લ

•

હવે પછી પ્રગટ થશે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરશાળા પ્રકાશન

૮૦ દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા	૦-૮-૦
ઘરઘરણું અને મનોહર	૦-૧૨-૦
ચંદ્રલોકમાં	૧-૦-૦

• પ્રાપ્તિસ્થાન •

ભાવનગરમાં—ઘરશાળા પ્રકાશનમંદિર, હિલડ્રાઈવ

મુંબઇમાં—શિષ્ટ સાહિત્ય ભંડાર: આનંદભવન, પ્રિન્સેસ સ્ટ્રીટ

શ્રી સરસ્વતી છાપખાનું : ભાવનગર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar